R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૬મું
VOLUME : 01 • ISSUE : 11 • PAGES : 40 • MUMBAI • DATE : 05TH APRIL 2021
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301 | 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# આદરાંજલિ



લાખણીયા
વડાલા

અરિહંતશરણ
તા. ૨૭ માર્ચ ૨૦૨૧

## સ્વ. શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા

ખાનદાનીના હીર વડે, કુળને અજવાળી ધર્મ, કરૂણા, માનવતાને સાચા અર્થમાં આત્મસાત કરી ગયા.
નિર્મળ, નિખાલસ, પારાવાર પ્રેમ, સુસંસ્કારો, સદગુણોથી તમે શ્રાવક ધર્મ અને માનવભવને શણગારી ગયા.
મુખ પર મુસ્કાન સાથે સર્વ ફરજો નિભાવી, આપના સંભારણાની મીઠી યાદો છોડી ગયા.
જણ જણના હૃદયમાં સ્મારક રચી, અમારા કાજે અજોડ પ્રેરણા પંથ રચી ગયા.
પરિવારને પડી અગણિત ખોટ, પથ દર્શક બનશે તમારી કર્મજ્યોત.
આપની યાદોને સંભારણું બનાવી, હૃદયમાં જીવંત રાખીશું સદાય.

**અમારી પ્રભુને પ્રાર્થના રાખે ઉઘાડા મોક્ષના દ્વાર...આપનો આત્મા પામે પરમ શાંતિ એ જ હૈયે હામ.**

| | | |
|---|---|---|
| માતા - પિતા | : | માતુશ્રી જેઠીબાઈ ધારશી મોતા (લાખણીયા) |
| સાસુ -સસરા | : | માતુશ્રી રતનબાઈ વિસનજી વિકમસી (કોઠારા) |
| પત્ની | : | માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશીભાઈ મોતા |
| ભાઈ-બેન | : | વેલજીભાઈ, કુંવરજીભાઈ, વીરબાઈ |
| પુત્રી-પુત્ર | : | દમયંતી, ગીતા, સરલા, દક્ષા, ધિરેન |
| પુત્રવધુ -જમાઈ | : | પુષ્કર, સુરેન, પ્રફુલ, હર્ષદ, દક્ષા |
| પૌત્રી-પૌત્ર | : | લીપીશા, અનિશા, યશ, |
| પૌત્રીવર | : | દર્શ |
| દોહિત્ર - દોહિત્રી | : | જસ્મીન, રસ્કીન, હીરલ, જીનલ, દિગંત, મિહીર, આકૃતિ, આદિત |
| પર દોહિત્ર - દોહિત્રી | : | નીવ, સમ્યક, તનુષ્કા, હૃદય, જીઆ, રિઆન, ક્રીશ, જેશના, રૂદ્ર |

પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે અમને સાંત્વના આપનાર, અમારી પડખે ઉભા રહેનાર
સર્વે તરફથી મળેલ ભાવાંજલિ માટે સૌનો સહૃદય આભાર

**મે. લક્ષ્મીચંદ ધારશી**
સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ -૯

**રાજલક્ષ્મી આરોગ્યધામ**
પંચગીની

**મોતા શિપિંગ એજન્સીઝ**
સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ -૯




## સાહિત્ય દિવાકર આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદ પ્રદાન પ્રસંગે તા. ૨૦-૪-૨૦૨૧ નો પ્રકાશ સમીક્ષાનો અંક વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થશે.

સાહિત્ય દિવાકર, આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના અચલગચ્છાધિપતિ પદગ્રહણ પ્રસંગે તા. ૨૦-૪-૨૦૨૧ નો આગામી અંક વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થશે. આ અંકમાં કોઈપણ જાહેરાત લેવામાં નહિં આવે જેની નોંધ લેવા વિનંતી.

આ ઐતિહાસિક અવસરને શુભેચ્છાઓ આપવા સર્વે સંઘો-મહાજનો-મંડળો-સંસ્થાઓ-શ્રેષ્ઠીવર્યોને સસ્નેહ નિમંત્રણ છે. આપના શુભેચ્છા સંદેશ લેટરહેડ ઉપર ફોટો, સંપર્ક સુત્રનું નામ, ફોન નંબર સાથે તા. ૧૫-૪-૨૦૨૧ પહેલા kdoprakas@gmail.com ઉપર અથવા કાર્યાલય ઉપર મળી જાય એ રીતે મોકલી આપવા વિનમ્ર વિનંતી છે.

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## GLIMPSE OF 2019 - 2021

- Staring with 360° Adventure with a bang carrying more than 100 participants at - Pune for two days.
- Following that we started with notebook and distributed all over India on full fledge. There after in rainy we planted more then 1000 saplings all over Mumbai.
- Then comes our 'Establishment Day' where we organised Kutchi Natak at Kalidas (Mulund) for more then 1300 People.
- For positive impact we also planned "Gautam Swami Pujan" for Students to create spiritual touch.
- We Printed & delivered Diwali greetings to all the Donors & Well wishers of our community. Also we surprised them with Diwali greeting in the next year.
- Than comes the Mega event "Chakravyuh" sports where more then 350 participants in more then 10 different sports.
- Lalji Ramji Book Bank Yojna has been Providing Text Books to all at free of cost. Kindly avail the benefit as soon as possible.
- K.D.O. Karnival is the biggest festival of KDOs having footfall of more then 5,000. Enjoying and Gathering on the beats of Naitik Nagda, Enjoying stalls & delicious food.
- Jhalak Dikhlaja is a 1st virtual event in the KDO where more then 100 participants fought for top 3 spots on the basis of various talents.
- 'Statue of Unity' was an amazing team trip where we explore and also visited Manilaxmi Tirth & Omkar Tirth.
- Adventure camp was important to take out boredom out of kids, therefore we planned activities to check out fitness.
- Aatmaraksha is an important women's safety work shop where more then 100 women learned the basics of self defense for day to day life.






Tree Plantation Drive








Seminar on Civil Services Exam









Follow us on SHREEKDOVS























**શ્રી લાલજી રામજી બુક બેન્ક યોજના**

સંચાલન : શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ-મુંબઇ

Provide TEXT BOOKS for all KDO College Students XI to Post Graduation Studies

ALL THE TEXT BOOKS ARE AVAILABLE AT **FREE OF COST***







Adventure Camp at - Vangani





Aatmaraksha - Its' Time To Be Your Own HERO

## From the President Desk 2019 - 2021

Jai Jinendra,

I Am Happy To Announce The End Of My Term, Bidding Good Bye To One And All.

The Journey Was Like A Roller Coaster, But Without The Thrill And Excitement There Is No Fun. The Immense Support From My Team Members Was Amazing Also Donors & Well Wishers Played The Vital Role In Making My Term A Grand Success & Creating A New Bar For Youngsters. Today, Shree KDO Students Association Is Well Established Association Where One Can Truly Learn & Develop Multiple Life Skills. We As A Team Had A Dream Of Expanding The Association Out Of Mumbai In The Whole Country, Which Is On It's Phase Soon.

Organizing And Executing More Than 16 Projects In Every Direction And Prospects Is A Amazing Touch.

I Would Like To Thank My Parents For Their Unconditional Support & Also Would Like To Invite Youngsters To Get Involve In This Prestigious Association.

Thanking You For Your Patience & Much Love.



**Shri. Urmin Jayesh Shah (Lodaya) Ghatkopar - Suthri**

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## MANAGING COMMITTEE 2021-23



PRESIDENT
**SHRI. MEET SANJAY MEISHERI**
(Dombivli - Sandhan)



VICE PRESIDENT
**SHRI. CHIRAG PRAKASH LODAYA**
(Wadala - Sayera)

SECRETARY
**SHRI. UJWAL PIYUSH LODAYA**
(Nalasopara - Sayera)

TREASURER
**SHRI.ASHWIN SHANTILAL LODAYA**
(Ghatkopar - Moti Khavdi)



JOINT SECRETARY
**KU. KAJAL DILESH DHROL** (Bhandup - Kotdi)
**SHRI. UMANG MANISH LODAYA** (Mulund - Varapadhar)

JOINT TREASURER
**SHRI. PARAS MAYUR DHARAMSHI** (Ghatkopar - Sayera)
**SHRI. MOHIT ANIL LAPSIYA** (Bhandup - Daltungi)



COMMITTEE MEMBER
**KU. MIRAL SACHIN DAND**
(Bhandup - Sandhav)

COMMITTEE MEMBER
**SHRI. JAINAM NITIN NAGDA**
(Dombivli - Rangpur)

COMMITTEE MEMBER
**KU. KRISHA NITIN SAYLA**
(Mulund - Tera)

Follow us on SHREEKDOVS

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## MANAGING COMMITTEE 2021-23




### NOMINEE MEMBERS

**SHRI. URMIN JAYESH MANILAL LODAYA**
(Ghatkopar - Suthri)

**SHRI. ANUJ GIRISH MEGHJI LODAYA**
(Dombivli - Rava)




### CO-OPT MEMBERS

**SMT. CHANDNIBEN PARESH LALKA**
(Vashi - Lala)

**SMT. HARSHABEN HEMANG DHARAMSHI**
(Worli - Suthri)



### AUDITOR

**M/s. N. B. SHAH & ASSOCIATES**

**SHRI. NARESH BHAWANJI SHAH**
(Ghatkopar - Naliya)





### KARYALAY SAMITI MEMBERS

**SHRI. KIRIT LAXMICHAND LAPSIA**
(Chembur - Rava)

**SHRI. HIRACHAND DAMJI DAND**
(Andheri - Manjal Reladiya)

**SHRI. SHAILESH SANATKUMAR LODAYA**
(Sion - Moti Sindhodi)




**PRESIDENT**
**SHRI. MEET SANJAY SOMCHAND MEISHERI**
(Dombivli - Sandhan)

**SECRETARY**
**SHRI. UJWAL PIYUSH KUNWARJI LODAYA**
(Nalasopara - Sayera)

Follow us on SHREEKDOVS

તંત્રી સ્થાનેથી

# કોરોનાથી સુરક્ષિત રહો !



– ડૉ. હીરાચંદ દંડ - 7738508150

વર્ષ ૨૦૨૦માં જ્યારે કોવિડ –૧૯નું સંક્રમણ શરૂ થયું, લોકડાઉન થયું. આપણા અનેક જ્ઞાતિજનો એનાથી દુષપ્રભાવિત થયા હતા ત્યારે આપણી અનેક સંસ્થાઓ તેમને મદદરૂપ થવા આગળ આવી હતી. શ્રી મુંબઈ મહાજને સમગ્ર ભારતના સ્તરે શાલીભદ્ર યોજના હેઠળ જરૂરતમંદ પરિવારજનોને મદદ કરી હતી. ફક્ત એટલું જ નહિં. જરૂરતમંદ નાના વેપારીઓ તથા ઉદ્યોજકોને ઓછા દરની લોન આપી તેમને મદદરૂપ થવાના પણ પ્રયાસ કર્યા હતા. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ, પરબ, કે.ડી.ઓ. ડોંબીવલી મંડળ તથા અન્ય સંસ્થાઓએ જરૂરતમંદોને સહાયરૂપ થવા પોતાનો હાથ આપ્યો હતો. તેવી જ રીતે ગામના મહાજનો તથા સંસ્થાઓ પણ જરૂરતમંદ જ્ઞાતિજનોને પોતાની રીતે મદદરૂપ થયા હતા.

હવે કોરોનાનું મોજું ફરી એકવાર વધુ તિવ્રતાથી આવ્યું છે. ભારતનું અર્થતંત્ર માંડ પાટે ચડી રહ્યું હતું તે પણ એનાથી અસ્તવ્યસ્ત થશે, નોકરીઓ જશે, પગારમાં કપાત થશે. કોરોનાના ભરડામાંથી બચવા માટે જરૂરી કાળજી લેવી એ આપણા ઉપર પણ નિર્ભર છે. સરકારો પોત પોતાની રીતે પ્રયત્નશીલ છે .રસીકરણ શરૂ થઈ ગયું છે તે ઉપરાંત ભીડભાડ અને મોટા સમારોહો ઉપર લગામ લગાવી સંક્રમણ ન વધે એવા પ્રયત્નો સરકારો કરી રહી છે. પણ એ બધાની સફળતાનો આધાર જનતાના સહકાર ઉપર જ છે.

આજે આપણે દુવિધામાં છીએ એક બાજુ સરકારો જનતાને સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરવા તથા ભીડ ન કરવા જણાવે છે. ત્યાં બીજી બાજુ બધા પક્ષના નેતાઓની ચુંટણી પ્રચાર સભાઓમાં હજારો લોકો ભેગા થાય છે. સોશ્યિલ ડીસ્ટન્સનું જરા પણ પાલન થતું નથી. લોકોને લાગે છે કે કોરોના જેવું કંઈ છે જ નહિ એ તો રાજકીય સ્ટંટ છે, એટલે માસ્ક પણ પહેરતા નથી. ભારતના અલગ અલગ રાજ્યોમાં રાજકીય પક્ષોના વર્તન અને વ્યવહારના કારણે કોરોના જેવું કંઈ નથી એવી માન્યતા પ્રસરે છે. જે રાજ્યોમાં અત્યારે ચુંટણી છે અથવા નજીકના સમયમાં ચુંટણી થવાની છે, એ રાજ્યોમાં રાજકીય પક્ષોની વર્તણુંક જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

ચુંટણી પ્રચાર સભાની ભીડ, રાજકીય નેતાઓના પરિવારના લગ્ન સમારંભોમાં એકઠા થયેલા સમૂહને જોઈ સામાન્ય માનવી પણ મોટા સમારંભો તથા ભીડમાં જવા ઉત્સુક બને છે. લગ્ન સમારંભો યોજે છે તથા તેમાં ઉત્સાહથી ભાગ લે છે, જે કોરોના સંક્રમણનું કારણ બને છે. મહારાષ્ટ્રમાં અંતિમવિધિમાં પણ ૨૦ વ્યક્તિઓને જવાની પરવાનગી છે, ત્યાં એક ધર્મસ્થાનમાં હજારો ભાવિકો એકત્રિત થયા હતા જેના વિડીયો બધી ટી.વી. ચેનલો તથા સોશિયલ મિડીયા ઉપર જોવા મળ્યા હતા.

તો હવે આપણે શું કરવું જોઈએ ? આપણે પ્રથમ તો આપણને પોતાને, આપણા પરિવારને, પડોશીઓને, સહકર્મચારીઓને કોવિડથી બચાવવાનો પ્રયાસ કરવો જ રહ્યો. આપણી પોતાની સંભાળ રાખવી જોઈએ, મોટા સમારંભો તથા ભીડમાં જવાનું ટાળવું જોઈએ. નેતાઓ


## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

## Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
પંકજ પ્રતાપ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૧, તા. ૦૫-૦૪-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
શ્રી હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પોતાની સભાની સફળતા માટે તમને ભીડમાં સામેલ તથા કહેશે પણ તમે કોરોના સંક્રમિત થશો તો કોઈ નેતા બચાવવા નહિં આવે. મુંબઈ, પુના, અમદાવાદ જેવા અનેક શહેરોમાં હોસ્પિટલોમાં બેડ સહેલાઈથી નથી મળતાં. તે માટે લાગવગ પૈસાનો ઉપયોગ કરીને પણ જીવનને જોખમમાં નાખવું પડે છે.

વડોદરાથી પ્રગટ થતા 'કચ્છ અર્પણ' મેગેજીનના તંત્રીશ્રી નવિન પટેલે (જેમનો એક લેખ આ અંકમાં પ્રકાશિત છે) મને કહ્યું કે વડોદરામાં ખૂબ જ ઓછી સંખ્યામાં કે.ડી.ઓ. પરિવારો વસે છે. જેમાં પણ ૬ જ્ઞાતિજનોએ કોરોનાથી પોતાનું જીવન ગુમાવ્યું છે તથા ૨૦ જેટલા અન્ય જ્ઞાતિજનો સંક્રમિત થયા છે. હાલમાં મુંબઈમાં ૨૫૦ થી વધુ જ્ઞાતિજનો સંક્રમિત છે, જેમાંથી મોટા ભાગના હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. એટલે આવશ્યક બધી જ સંભાળ લેવાની, બીનજરૂરી મુસાફરી ટાળવી તથા ભીડમાં ન જવું અને માસ્કનો સતત ઉપયોગ કરવો, સમારંભોમાં જવાનું ટાળવું જેવા પ્રતિબંધક ઉપાયો કોરોનાથી બચવા માટે જરૂરી છે મોટા ભાગના ધાર્મિક સ્થળોમાં ૬૫ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિઓને માટે પ્રવેશબંધી છે એટલે જવાનું ટાળવું હિતાવહ છે.

હવે મહાજનો અને સંસ્થાઓએ ફરીથી સક્રિય થવું જોઈએ અને જરૂરતમંદ ભાઈબહેનોને મદદરૂપ થવું જોઈએ. કેડીઓના વ્યવસાયિક તથા વેપારી પ્રતિષ્ઠાનોએ વધુમાં વધુ કેડીઓને કામે રાખવા જોઈએ. હાલમાં મેં મારા મિત્રની દિકરીને એક બીઝનેસ હાઉસમાં નોકરી માટે ભલામણ કરી ત્યારે તે ફર્મના કચ્છી માલિક પોતાના વિચારમાં સ્પષ્ટ હતા. તેમણે કહ્યું કે જો છોકરી કચ્છી હશે તો જ હું તેને નોકરી ઉપર રાખીશ. તાત્પર્ય એટલું જ છે કે આપણે પણ આપણા ભાઈ બહેનોને મદદરૂપ થવું જોઈએ.

આપ સૌને વિનંતી કરું છું કે સરકારના ધારા ધોરણ મુજબ રસીકરણનો લાભ લો, બહાર જાઓ ત્યારે અથવા ઘરમાં પણ બહારથી આવનારને મળો ત્યારે માસ્ક અવશ્ય પહેરો તથા સલામત અંતર જાળવો. તમને પોતાને સુરક્ષિત રાખો. સંભાળ લો, સલામત રહો એજ કોરોના સંક્રમણના બીજા તબક્કે ભલામણ છે.

ઉપરોક્ત લખાણ મેં તા. ૧ એપ્રિલના રોજ લખેલું હતું, પણ તા. ૪ એપ્રિલના સાંજના મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં તા. ૫ એપ્રિલ સાંજથી આંશિક લોકડાઉન જાહેર કર્યું છે. આપણા સૌની ફરજ છે કે સરકારના ધારાધોરણોનું પાલન કરી કોરોના સંક્રમણને વધતું અટકાવવા સહયોગી થવું જોઈએ. આપસૌને ફરીથી વિનંતી છે કે બહારગામ જવાનું ટાળો તથા જાહેર સમારંભોમાં પણ ન જાઓ.

**'જાન હૈ તો જહાં હૈ'**

**Please Take Care, Stay Safe**

## પ્રતિભાવ

૫મી માર્ચના અંકનો શ્રી પ્રવિણચંદ્ર ધરમશીનો 'આઝાદીથી આબાદી સુધી'... લેખ ઘણાં જૂનાં સંભારણાં તાજાં કરાવી ગયો. આઝાદી પછીના પહેલા દાયકામાં જન્મેલાં સૌએ રેશનિંગની કતારો જોઈ છે, અભાવો અનુભવ્યા છે. ત્યારની રોજિંદી, સામાજિક અને રાજકીય પરિસ્થિતિનું હૂબહૂ ચિત્ર લેખકે ખડું કર્યું છે. એ સ્થિતિમાંથી આજની આબાદી સુધી પહોંચાડનારા પરિબળોનું પણ લેખકે સુંદરતા અને સરળતાથી આલેખન કર્યું છે. ભૂતકાળની યાદગાર સફર કરાવવા માટે શ્રી પ્રવિણભાઈને અભિનંદન અને આભાર.

– ચંદ્રિકા ભૂપેન્દ્ર લોડાયા – જખૌ (પુના)

## 'કચ્છ અર્પણ'નો સંયુક્ત અંક

વડોદરાથી પ્રકાશિત થતાં કચ્છ અર્પણનાં કોરોનાને કારણે અસર પામેલા પ્રકાશનને વ્યવસ્થિત કરવાના હેતુથી સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૨૦૨૦ને એકત્રિત કરી પ્રકાશિત કરેલ છે. અંકનાં મુખપૃષ્ઠ ઉપર પ્રસિદ્ધ ફોટોગ્રાફર જયેશભાઈ ભેદાના કેમેરાની કળા દેખાશે. તે ઉપરાંત પબુ ગઢવી, કમલ લોડાયા, નવિન પટેલ, વિશ્રામ ગઢવી, ડૉ. પુલીન વસા, પ્રવિણ શાહ, જીગીશાબેન ત્રીવેદી, ડૉ. ગુલાબ દેઢીયા, રવિ પેથાણી, ડૉ. વિશન નાગડા, હેમાંશુ કિકાણી, પ્રમોદ જેઠીની કલમે લખાયેલા લેખો, કવિતાઓ તથા અન્ય માહિતી ઉપરોક્ત અંકમાં પ્રકાશિત કરેલ છે એવું કચ્છ અર્પણના તંત્રી શ્રી નવિન પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૯

**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**



(ગતાંકથી ચાલુ...)

ગતાંકમાં આપણે જૈન ધર્મમાં ગુરુવંદનની મહત્તા અને શ્રેષ્ઠતા ઉપર વિસ્તારપૂર્વક વિચાર કર્યો. ગુરુ પ્રત્યે ભક્તિ, વિનય દેખાડવાની ભાવના અન્ય ધર્મમાં, જૈન ધર્મની સરખામણીમાં ઓછી દેખાય છે. આજ કાલ જૈન ધર્મમાં પણ કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા આ ભાવના વિચલીત થતી દેખાય છે.

પોરાણીક જમાનામાં હિન્દુ સનાતન ધર્મમાં ગુરુને વંદન સાષ્ટાંગ દંડવત નમસ્કાર દ્વારા કરવામાં આવતા. મહાભારત અને રામાયણ જેવા મહા કાવ્યોમાં ઘણા પ્રસંગોમાં એના વર્ણન મળે છે. અતી પ્રચલિત રામાયણનો પ્રસંગ છે. લંકાનું યુદ્ધ પુરું થયું છે. રાવણનો વધ થયો છે. રાવણ મૃત્યુશૈયા પર છે. રામ ત્યારે લક્ષ્મણને રાવણ પાસેથી શિખામણની બે વાતો શીખવા મોકલે છે. રામ જાણતા હતા કે રાવણ અતી જ્ઞાની છે ફક્ત અહંકારના કારણે તેણે ઘણું ગુમાવું પડ્યું છે.... આ વૃત્તથી તો આપ સૌ સુપરિચિત છો.

ઈસ્લામમાં મોલવી અને ખ્રિસ્તી ધર્મમાં પાદરી (ખ્રિસ્તી પુરોહિત)ના જમણા હાથના પંજાને ચુમતા ઘણી વ્યક્તિઓને જોયા છે. આપણા સમાજોમાં આહિર, સિંધી પ્રજાઓમાં પણ જેમના આશિર્વાદ લેવાના હોય છે એવા વડીલોના જમણા હાથના પંજાને ચુંબન કરી તેમની પાસેથી આશિર્વાદ રૂપે, વડીલો સામેની વ્યક્તિના મસ્તકના અગ્રભાગમાં ચુંમતા જોવા મળ્યા છે. આમ વિવિધ પ્રકારે ગુરુ, વડિલો પ્રત્યે આદરભાવ વ્યક્ત કરાતા દ્રષ્ટાંતો આપણને મળે છે.

પણ અતિ દુઃખ સાથે લખવું પડે છે કે ગુરુવંદનાની ક્રિયામાં આજનાં ત્વરિત, આધુનિક જમાનામાં વિનયની ભાવના ઓછી થતી જાય છે અને દેખાડો વધતો જાય છે.

જૈન ધર્મમાં ગુરુવંદન પછી, ગુરુ પાસેથી આશિર્વાદ રૂપી વાક્ષસેપ મેળવવા શ્રાવકો થાળીમાં મુકેલ જ્ઞાનની દ્રવ્ય દ્વારા પૂજા કરે છે અને ગુરુદેવ, સાધુ-સાધ્વી ભગવંતો વાક્ષસેપથી આશિર્વાદ આપે છે. આ વિધિ પાછળની ભાવના, તેનું મહત્વ, તેની વિશેષ જાણકારી મને પ્રાપ્ત થઈ નથી અને મેં પુરતા પ્રયત્નો પણ કર્યા નથી. ચાલી આવતી રીત-રસમ મુજબ હું પણ અનુકરણ કરતો જ રહ્યો છું. (કોઈ આ વિષય ઉપર પ્રકાશ પાડશે તો આભારી થઈશ.)

**પરસ્પરનું અભિવાદન :** આજ કાલ શિષ્ટાચાર તરીકે બે વ્યક્તિઓ મળે છે ત્યારે ''જય જિનેન્દ્ર, જયશ્રી કૃષ્ણ, જય સિયારામ, રાધેકૃષ્ણ.'' કે શીખ અનુયાયી ''વાહ ! ગુરુજી કા ખાલસા, વાહ ! ગુરુજી કી ફતેહ.'' તો ઈસ્લામિક ભાઈઓ ''અસલ્લાહ આલેકુમ / વાલેકુમ સલામ.'' બોલી પરસ્પર અભિવાદન કરે છે.

જ્યારથી વોટ્સઅપ સંદેશાનો જમાનો આવ્યો છે ત્યારથી મોબાઈલ ઉપર ઉપરના સંદેશાઓ વિવિધ પ્રકારના ફોટા સહિત મુકાય છે. લોકો અતિરેક કરી ''કોપી પેસ્ટ'' કરી વોટ્સએપની એસ.એમ.એસ. સેવાનો દુરઉપયોગ કરે છે.

મારા મિત્ર વર્તુળમાં મેં ઘણીવાર સમજાવવાનાં પ્રયત્નો કર્યા છે કે બધી સવાર, સાંજ કે રાત્રિ શુભ જ હોય છે. દરેક અંકો પણ શુભ જ હોય છે, પણ તે છતાં અમાવાસ્યાનાં દિવસે અમુક કાર્યો કરાતા નથી. ૧૩ નાં અંકને અનલક્કી ગણવામાં આવે છે.

આપણી સંસ્કૃતિમાં ભળી ગયેલ અન્ય ધર્મોની સંસ્કૃતિમાં પણ તેમની ધાર્મિક ક્રિયામાં વંદન વિધિ જુદા જુદા પ્રકારે જોવા મળે છે. ચાલો સંક્ષિપ્તમાં તેના પર વિચાર વિમર્શ કરીએ.

'ધર્મ પ્રતિ મૂલભૂતા વંદના ।' ધર્મ પ્રત્યે લઈ જવા માટે મૂળભુત વંદના જ છે. વંદન વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મ બુહમાનરૂપી બીજને વાવે છે. જે અનુક્રમે મોક્ષ સુધી પહોંચાડે છે. દરેક ધર્મ દર્શનમાં પરમ તત્ત્વને પામવા પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા માટે વંદન કરાય છે. માટે જ વંદન એ ભારતીય સંસ્કૃતિનું અણમોલ નજરાણું છે.

**શીખ ધર્મ :** શીખ ધર્મનો ઉદય પંજાબમાં ૧૫મી/૧૬મી શતાબ્દીમાં થયો ગણાય છે. શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક છે. ગુરુ ગ્રંથસાહેબ તેમનો મહાપવિત્ર ગ્રંથ છે. ૧૫૩૦ પૃષ્ઠોમાં ગ્રંથસાહેબનું સંકલન થયું છે. ગુરુ ગ્રંથસાહેબ બધા જ માટે શ્રદ્ધાનું પાત્ર છે.

આ લેખને તૈયાર કરવામાં પ્રબુદ્ધ જીવન, સપ્ટેમ્બર ૨૦૧૫ ''પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક''માં ડૉ. રતનબેન ખીમજી છાડવા લિખીત 'વંદન વિધી - અન્ય દર્શનોની ધર્મ પ્રણાલિ'નો સહારો લીધેલ છે. (વધુ આવતાં અંકે...)

અતિથી

કલમ

# આવ કોરોના મને ખા

**- નવિન હિરાચંદ પટેલ (નાગડા) - સાંધાણ (વડોદરા)**



દેશભરમાં કોરોનાના હાહાકાર વચ્ચે છેલ્લા પંદરેક દિવસથી થયેલ વાયરસનો એટેક ક.દ.ઓ. સમાજને ઘણો ભારી પડી રહ્યો છે. અનેક લોકો આ વાયરસને કારણે પરિવારજનોને ગુમાવી ચૂક્યા છે.

પહેલા વાયરસના સંક્રમણ બાદ લોકડાઉન હોવાથી આપણે ઘણી રીતે બચી ગયા છીએ એ હકીકતનો આપણે સ્વીકાર કરવો જ રહ્યો. લોકડાઉનમાં મળેલ છૂટને આપણે જેલમાંથી મળેલ જામીન સમજીને એવો વ્યવહાર કરી રહ્યા છીએ કે જાણે આપણે જગ જીતી ગયા છીએ.

આપણા જ્ઞાતિના કેટલાક લોકોએ તો વળી કોરોનાને માત કરવા નવા નવા રસ્તાઓ પણ શોધી કાઢ્યા. કેટલાક તો વળી એટલા હોંશીયાર બની ગયા કે જાતજાતની દવા અને નુસખાઓથી રોજ વોટ્સએપના મેસેજોથી મોબાઈલ ભરવા લાગ્યા. કેટલાક તો એવા પણ નીકળ્યા જે કોરોના જેવું કાંઈ છે જ નહીં. એવા તર્કો તથા પુરાવા આપવા લાગ્યા. આવા લોકોને નોબેલ પ્રાઈઝ પણ ઓછો પડે તેમ છે !

એકંદરે એવું થયું કે સામાન્ય માણસ કોનું સાંભળવું ને કોની સલાહ માનવી તેવી મથામણમાં એટલો રઘવાઈગયો કે કોરોના પોજીટીવ થયા બાદ ડૉકટર કે દવાખાનાને બદલે મોબાઈલ લઈને ઈલાજ શોધવા લાગ્યો.

હા, શરૂઆતના તબક્કામાં સરકારી ગાઈડલાઈન પણ મુંઝવણભરી હતી. ડૉકટરો પાસે પણ શું કરવું ? ક્યો ઈલાજ કરવો તેની ખાસ રાહદોરી નહોતી,. પરંતુ આ બધુ ગયા વર્ષે - મે-જુન પછી પછી ધીમે ધીમે બધાને સમજાવા લાગ્યું હતું અને તેના પ્રતાપે જ ઓકટોબર સુધીમાં કોરોના પર કાબુ થઈ ગયેલ દેખાતો હતો. ખાસ કરીને વાગડના જૈનો, કચ્છના ભાનુશાલીઓ, કેટલીક હદે ક.વિ.ઓ. જૈનો કચ્છમાં જાણે ‘વેકેશન’ ગાળવા પહોંચી ગયા હતા. આપણી જ્ઞાતિના લોકોએ સંયમ જાળવ્યો હતો તેથી જ કદાચ ઓકટોબર સુધી કવચીત કેસો જ સામે આવ્યા હતા.

આ સમયગાળા દરમ્યાન પ્રકાશ સમીક્ષા તથા જ્ઞાતિમૈયામાં નજર નાખતા એક વસ્તુ નજરે ચડી હતી તે જ્ઞાતિમાં સગપણ -સગાઈનું પ્રમાણ ઘણું વધી ગયું હતું. અને માગરસ મહિનો આવતા આવતા આ બધા નવા સંબંધોને લગ્ન કરવાનું જાણે શુરાતન ચડ્યું હતું. કોઈકે સરકારી નિયમો મુજબ તો કાઈકે ચૂપચાપ પરિવારની હાજરીમાં કોર્ટ મેરેજ રજીસ્ટર કરાવી લીધા હતા. પરંતુ કેટલાક લોકોને આવા કોરોના કાળમાં પણ અવળચંડાઈ ઉપડતાં શહેરથી દૂર કોઈક ખૂણામાં રીસોર્ટ બુક કરીને કોરોનાની સામે નજર અંદાજ કરીને ૧૦૦-૨૦૦ જણાંની હાજરીમાં ધામધૂમથી લગ્નો ઉજવ્યા હતા. કચ્છના ઢોલીઓને પૂછો તો ખબર પડશે કે કોરોનાના સમયમાં પણ એમને ઘણી ‘ઘોર’ મળી જ રહેલ છે.

આવા ‘ધામધૂમ’ થી થયેલ લગ્નોને કારણે કેટલા કેસ થયા ? કેટલા જણ પોઝીટીવ થયા ? એ આંકડાઓ બહાર આવવા મુશ્કેલ છે. આપણા મહાજનોના ઘણા અધિકારીઓ પણ આનાથી અજાણ નહોતા પણ કોઈએ પણ કોઈને અટકાવવાની કોશીષ કરી હોય એવું લાગતું નથી. ચાલો માની લઈએ કે આપણા બધા જ જ્ઞાતિજનોએ ધ્યાન રાખ્યું હોય, સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન કર્યુ હોય પણ આવા લગ્નોમાં કામ કરનાર મજુરો, કેટરીંગવાળાના માણસો, ડેકોરેટર્સના માણસો, કોનું ધ્યાન રાખવાના છો ?

એ ઉપરાંત એટલે સુધી સાંભળ્યું છે કે પોલીસ-સરકારી તંત્રને આવા કામમાં અડચણ ન પડે એટલે એમાં પણ લાગવગ લગાડી વહેવાર કરાયો છે. હવે જેમણે આવા લગ્નમાં પાણીની જેમ પૈસો ખર્ચ્યો તેમને કોરોના થાય તો ‘ઈનસ્યુરન્સ કવરેજ’ પણ કરાવેલ જ હોય પરંતુ એમના જ સગાવહાલામાં કોઈ નબળો માણસ સપડાયો ને કોરોનાનો શીકાર બન્યો ત્યારે તેમના પરિવારનું શું થશે તેનો વિચાર પણ કોઈએ કર્યો નથી. કોઈ યુવાન મા પોતાના નાના બાળકોને અનાથ બનાવી ચાલી ગઈ, કોઈક મધ્યમવર્ગી નોકરીયાત આવા શેઠીયાઓની નોકરી કરવાને કારણે લગ્નમાં સેવા બજાવી કોરોનામાં ફસ્યા બાદ પરિવારને નધિણીયાતો કરી ચાલ્યો ગયો એ બધા લાકોની દુર્દશા માટે જવાબદાર કોણ ?

શું મહામારીએ આપણને કરકસર કરતા, ઘણી સગવડો વગર રહેતા શીખવાડ્યું છે તો પછી આવા કારસ્તાનો કરી આપણે શું સાબિત કરવા માંગીએ છીએ ?

આવા અનેક પ્રશ્નોના જવાબો નહીં મળે તો ચાલશે પરંતુ મહામારીને મસ્તીમાં ન ઉડાડીએ અને યોગ્ય દિશામાં સરકારી ધારાધોરણ મુજબ કામ કરશું તો બધાને માટે સારું છે.

|| શ્રી સહસ્રફણા પાર્શ્વનાથાય નમઃ ||  || યુગાદિ આદીશ્વરાય નમઃ ||  || શ્રી વર્ધમાન મહાવીરસ્વામિને નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## શ્રી સુધર્મા પાટોત્સવ

# અચલગચ્છાધિપતિ પદ પ્રદાન




**સૌમ્યસ્વભાવી અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.**

**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા પાટોત્સવ**

**શુભ દિન : ચૈ.સુ. ૧૧ ગુરૂવાર તા.૨૨/૪/૨૦૨૧**

**સ્થળ : શ્રી સહસ્રફણાપાર્શ્વ દેરાસર**

**માટુંગા ક. મૂ. પૂ. જૈન સંઘની નારાણજી શામજીની વાડી**

## નિમંત્રણ-જય જિનેન્દ્ર

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના આદેશથી**

**માતુશ્રી કેશરબેન ટોકરશીં શીવજી સાવલા (કચ્છ દુર્ગાપુર-નવાવાસ)**

**શ્રી ગીતાબેન રસિકલાલ નાનજી ચાંપશીં શાહ (મેરાઉ-વડોદરા-વાંદરા)**

॥ ચરમ શાસનપતિ શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥

॥ શ્રી ગૌતમસ્વામિને નમો નમઃ ॥ ॥ શ્રી સુધર્માસ્વામિને નમો નમઃ ॥ ॥ શ્રી આર્યરક્ષિતસૂરિજીને નમો નમઃ ॥

શ્રી સુધર્મા પાટોત્સવ
અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવ

હાર્દિક
# આમંત્રણમ્...

અચલગચ્છના ગગનાંગણે છવાયો અનેરો ઉમંગ




ગચ્છાધિપતિ પદ પ્રદાનનો વિરલ આવ્યો પ્રસંગ

આત્મિય
# નિમંત્રણમ્...

મુંબઇ મહાનગરે, ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં, રાષ્ટ્રસંત, કચ્છ કોહીનૂર, શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના** પરમ વિનયી શિષ્યરત્ન, સાહિત્યદિવાકર, અચલગચ્છનાયક
## પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના ''ગચ્છાધિપતિ પદ''નો

મંગલમય દિન : સં.૨૦૭૭, ચૈ.સુ.૧૧
ગુરૂવાર તા.૨૨-૪-૨૦૨૧

## આનંદ સભર
# પાટોત્સવ

મંગલમય સ્થળ : સહસ્રફણા ઉદ્યાન,
ભાઉદાજી રોડ, માટુંગા C.R, મુંબઇ.

## 'આ છે પ્રતાપી પ્રભાવક પૂર્વાચાર્યો અમારા'
## જિનશાસનના-વિધિપક્ષગચ્છના શણગારા

**પરમ કરુણાવંત શાસન પિતા મહાવીર સ્વામીની, સુવિહિત સમાચારી આધારિત....
તેજસ્વી... ઓજસ્વી એવા પૂર્વાચાર્યોની, ઉજ્જવલ પરંપરાથી પ્રકાશિત..
કલિકાલસર્વજ્ઞ પ.પૂ.આ.ભ. શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા પ્રશંસિત...
પરમાર્હત્ કુમારપાલ મહારાજાએ આપેલ, 'અંચલગચ્છ' અચલગચ્છ બિરૂદથી વિભૂષિત...
એવા.. વિધિપક્ષની (અચલગચ્છ) પાટપરંપરામાં શોભતા પૂર્વાચાર્યોનો જાણવા જેવો ભવ્ય ઇતિહાસ...**



* સ્વામિ સીમંધરથી પ્રશંસાયેલા, શિથિલાચાર નિવારક આદ્ય દાદાગુરુ **પ.પૂ.આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા**
* લક્ષક્ષત્રિય પ્રતિબોધક, ૩ા કરોડ શ્લોકો કંઠસ્થ કરનારા **પ.પૂ.આ.ભ. શ્રી જયસિંહસૂરીશ્વરજી મહારાજા**
* મહામહિમાવંત જીરાપલ્લી સ્તોત્ર એવં સૂરિમંત્ર કલ્પના રચયિતા, મંત્ર પ્રભાવક **પ.પૂ.આ.ભ. મેરુતુંગસૂરીશ્વરજી મહારાજા**
* અનેક તીર્થોદ્ધારક અજોડ પ્રતિભાવંત યુગપ્રધાન દાદા શ્રી **પ.પૂ.આ.ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજા**
* વર્તમાન ઉન્નતિના પાયા,કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક દાદા ગુરુદેવ **પ.પૂ.આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મહારાજા**
* જિનશાસન શણગાર, શાસનસમ્રાટ, ચમત્કારી બાબા, રાષ્ટ્રસંત, ભારત દિવાકર આદિ બિરૂદોથી રાજતા ગુરુદેવ પ.પૂ.આ.ભ. શ્રી અચલગચ્છાધિરાજ ***ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા***
* જિનશાસન શિરોમણી, તપચક્રચક્રવર્તી, ૫૪-૫૪ વર્ષીતપના અજોડ સાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**ની પાટપરંપરામાં અનુગામી ૭૮મી પાટે શોભાયમાન થશે

સાહિત્યદિવાકર, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી

# કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

## નો પંચાચારમય ટૂંક પરિચય

**જન્મ :** વિ.સં.૨૦૦૯ માગસર વદ-૨, નવાવાસ-દુર્ગાપુર (કચ્છ) તા. માંડવી.
**સંયમ સ્વીકાર દિન :** વિ.સં.૨૦૨૬, કારતક વદ ૧૩, ભુજપુર (કચ્છ)
**ગણિપદ પ્રદાન દિન :** વિ.સં.૨૦૪૦, કારતક વદ ૧૧, વડાલા (મુંબઈ)
**ઉપાધ્યાય પદ પ્રદાન દિન :** વિ.સં.૨૦૪૪, પોષ વદ ૧૩, બાડમેર (રાજસ્થાન)
**આચાર્ય પદ પ્રદાન દિન :** વિ.સં. ૨૦૪૪, મહા વદ ૧૨, દંતાણી તીર્થ (રાજસ્થાન)
**ગચ્છાધિપતિ પદ પ્રદાન દિન :** વિ.સં.૨૦૭૭, ચૈત્ર સુદ ૧૧, ગુરુવાર, તા.૨૨-૪-૨૦૨૧

**પુણ્યશાળી માતા-પિતા**
માતુશ્રી પ્રેમકુંવરબેન રતનશીં ટોકરશીં સાવલા

**જય જય સૂરિરાજ... જય જય ગુરુરાજ... સંક્ષિપ્ત પ્રેરક જીવન પરિચય**

જેમના પર ગુરુદેવ ગુણસૂરિ-ગુણોદયસૂરિની કૃપા વરસે છે BEST, જેઓમાં કચ્છ-ગચ્છ સંઘ ગુરુદેવની શાસનની દાઝ છે HIGHEST,
જેઓનું કદ વામન... છતાં શાસનકાર્યો GREAT, જેઓને પરથી પર બની સદા સ્વમાં કરવો છે REST...
એવા... સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક, સાહિત્યસમ્રાટ્ પ.પૂ.આ.ભ.

**શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાનો નિહાળો અદ્ભૂત ગુણ વૈભવ...**

### જ્ઞાન વૈભવ...

*પરમ ગુરુદેવ સ્થાપિત શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (મેરાઉ)માં ધાર્મિક-સંસ્કૃત-વ્યવહારિક પાંચ વર્ષ અધ્યયન
* સંસ્કૃતમાં સાહિત્ય રત્ન, શાસ્ત્રીની ડીગ્રી... * આગમવાંચન, યોગ-ધ્યાન અધ્યાત્મ ગ્રંથોનું વાંચન, સ્વાધ્યાય-સદ્વાંચન અનેક સાહિત્ય સંમેલનો-નિબંધાદિ પરીક્ષા આયોજનો, શતાધિક યુવા-બાળજ્ઞાન શિબિરો
* સં. ૨૦૪૦માં સમેત શીખરજી તીર્થે વિશાળ વિદ્વદ્ પરિષદમાં 'સાહિત્ય દિવાકર' પદ એનાયત...
* શતાધિક વિવિધ ગ્રંથોનું સંશોધન.. લેખન.. સંપાદન * નૂતન જ્ઞાનભંડારોનું સર્જન તથા પ્રાચીન જ્ઞાનભંડારોનું પ્રમાર્જન-સંરક્ષણ...
* વિશાળ પ્રાચીન સાહિત્યનું સંરક્ષણ, નવ્ય લેખન, સંશોધન, પ્રકાશન. * ''ગુણભારતી'' અંક માસિકનું ૪૦ વર્ષોથી તટસ્થ - નિયમિત પ્રકાશન...



### દર્શન વૈભવ

* દંતાણી, લોલાડા, ભાલેજ, આદિ તીર્થોના ઉદ્ધાર આદિ અનેક તીર્થોનું સંશોધન...
* ગુણ પાર્શ્વ તીર્થ (દેઢિયા), ગુરુગુણ કૃપા તીર્થ (રામજી કા ગોલ)...
* વીશ વિહરમાન તીર્થ (દંતાણી),દેવલાલી, હૈદ્રાબાદ શાંતિનાથ ધામ આદિ અનેક સંઘો જિનાલયો આદિ તીર્થ નિર્માણનો સદુપદેશ અંજન-પ્રતિષ્ઠાઓ...
* શત્રુંજય તીર્થની બે વાર ૧૦૮ યાત્રા, શિખરજી તીર્થની ૧૦૮ યાત્રા
* શત્રુંજય તીર્થે દરેક પ્રભુ બિંબોને ૩-૩ ખમાસમણાદિ ચૈત્યવંદનથી વંદન

### ચારિત્ર વૈભવ

* બાળવયમાં નિત્ય દર્શન - પૂજા - પ્રતિક્રમણાદિ આરાધના * વિદ્યાપીઠના જીવનમાં ચુસ્ત ધર્મારાધના, પર્વતિથિમાં પૌષધ-તપસ્થ-તપસ્યા, ચૌદ નિયમો * બાવન વર્ષોના નિર્મલ દીક્ષા પર્યાયે રત્નત્રયની, શાસ્ત્રાજ્ઞા-ગુર્વાજ્ઞાએ અનેક વિધ શુભયોગોની અનેરી આરાધનાઓ

### તપ-જપ વૈભવ

* એકાંતરા ૫૦૦ આયંબિલ * ૫ ચોમાસી (એકાંતરા ઉપવાસ) * ૪ વર્ષિતપ * ૨૦૦ અટ્ઠમ તપ * ૫ અટ્ઠાઈ તપ
* ૨૫૦ છટ્ઠ તપ * આગમોના યોગોદ્વહન તપ * છ માસી એકાસણા * સૂરિમંત્ર પંચ પ્રસ્થાન - તપ જપ સાથે
* દર વર્ષે (૩૩ વર્ષોથી) ૧૫ દિવસીય વિશિષ્ટ સૂરિ મંત્રારાધના * નિત્ય પ્રભાતે વર્ધમાન વિદ્યા-સૂરિમંત્ર પટ્ટ પૂજન બાદ વિહાર * કરોડોની સંખ્યામાં સૂરિમંત્રાદિ વિવિધ જાપ * સ્વાધ્યાય-સદ્વાંચનની અનેરી ધગશ
* મુંબઈ, થાણા જીલ્લા, પાલઘર, રાયગઢના કચ્છ-ગચ્છની વસ્તિવાળા લગભગ દરેક પરામાં સંઘો-ધર્મસંકુલો-ધર્મ જાગૃતિ અર્થે સક્રિય પ્રેરણા-પુરૂષાર્થ * બે લાખ કિ.મી. ની વિહાર યાત્રા
* તીર્થોના જિર્ણોદ્ધાર, છ'રી ૯૯ યાત્રા, છ'રી તીર્થયાત્રા આદિ માટે સતત પ્રયત્નશીલ...

### શાસન પ્રભાવના વૈભવ

* અબોલ પશુ રક્ષાર્થે, ૩૦ વર્ષો પૂર્વે અહિંસા મહાસંઘનું સ્થાપના... ગુજરાત રાજ્ય (અમદાવાદ) શાખા કાર્યરત છે.
* શ્રી આર્યરક્ષિત 'ધર્મરક્ષક સંઘ' સંસ્થાના નેજા હેઠળ કાર્યનિષ્ઠ યુવાનોનું સંગઠન... જેના માધ્યમે રત્નત્રયીની ધાર્મિક પ્રવૃત્તિઓની પ્રેરણા... * ભારતભરમાં ચતુર્વિધ સંઘ કાજે નૂતન ઉપાશ્રયો ધર્મસંકુલોના નવનિર્માણ માટે પ્રેરણા...
* પૂજા મંડળ, સામાયિક મંડળ, સ્વાધ્યાય કેન્દ્ર સુરક્ષાચક્ર અભિયાન, વિરાટ સામાયિક, પૌષધ-આયંબિલ જાપ અભિયાન આદિ આયોજનો દ્વારા પ્રોત્સાહિત કરવા... * દર વર્ષોવર્ષ અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષા મહોત્સવોમાં નિશ્રા પ્રદાન કરી વિશિષ્ટ શાસન પ્રભાવના...

### સમુદાય વૈભવ...

* ૨૦ જેટલા શિ. પ્રશિષ્યોના ગુરુવર્ય * ૩૦૭ જેટલા શ્રમણ-શ્રમણીઓના સફળ સુકાની...
* જ્ઞાનસત્ર... વાચનાદિથી સુવિહિત સંયમ પાલના માટે સદૈવ કાર્યશીલ...
* આજ્ઞાનુવર્તિ સાધુ-સાધ્વીજી ભગવંતોના, શ્રી સંઘોના યોગ-ક્ષેમ અર્થે સતત ચિંતિત...
* રાજસ્થાનાદિમાં અનેક ક્ષેત્રોના વિચરણથી પ્રાચીન ગોત્રોના સંશોધનો-સંપર્કોથી અનેરી ધર્મજાગૃતિ

# કેડીઓના આગામી કાર્યક્રમો

**સાંયરા કચ્છ બિરાજમાન શ્રી મોમાઈ માતાજી**
મોમાયા પરિવાર : સમૂહ પહેડી
તા. ૧૩-૪-૨૦૨૧

**શ્રી ડાઘા મોમાઈ મા મિત્ર મંડળ - વરાડીયા**
મોમાઈ મા તથા ભલારા દાદા દેવાલય ધ્વજા રોહણ
તા. ૧૬ થી ૧૭ એપ્રિલ ૨૦૨૧

**પાલીતાણા તીર્થે ચૈત્ર માસની આયંબિલ ઓળી**
સમુહ આરાધના
તા. ૧૮ થી ૨૬ એપિલ ૨૦૨૧

**શ્રી આઈ માતા ધરમશી પરિવાર**
સમુહ પહેડી - સુથરી
તા. ૨૫ થી ૨૭ એપ્રિલ ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ.મહાજન - કુવાપધર**
ભલારાદાદાના ભૂવા બનાવવાનો કાર્યક્રમ
તા. ૨૫ થી ૨૮ એપ્રિલ ૨૦૨૧

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર - દલતુંગી**
૧૧૮ મો ધ્વજા મહોત્સવ તા. ૧૬-૫-૨૦૨૧

**દલતુંગી (હાલાર) મધ્યે બિરાજમાન ડાઘા, માલદે ખેરાણી પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજી મંદિરનો ધ્વજા મહોત્સવ**
તા. ૧૭-૫-૨૧ - દલતુંગી

**સુથરી તીર્થે ૧૮૩ મી ધજા મહોત્સવ**
તા. ૧૭ થી ૧૯ મે ૨૦૨૧

**શ્રી ભલારા દાદા મૂળ સ્થાનક તથા સચ્ચાઈ માતાજી મંદિરનો ધ્વજા મહોત્સવ-સુથરી**
તા. ૨૦-૦૫-૨૦૨૧

**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જીનાલય - રંગપુર**
દાદાની ૩૨મી ધ્વજારોહણ તા ૨૧ થી ૨૨ મે ૨૦૨૧

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ**
શ્રી ચંદ્રપ્રભ સ્વામીની ૧૬૭ મી ધ્વજા તથા
શ્રી શીતલનાથ પ્રભુજીની ૬ ઠ્ઠી ધજા
તા. ૨૧ થી ૨૨ મે ૨૦૨૧

**મંજલ રેલડીયા ૧૩૯મો ધજા મહોત્સવ**
તા. ૨૧થી ૨૨ મે ૨૦૨૧

**શ્રી ક.દ.ઓ જખૌ મહાજન અને ટ્રસ્ટ**
૧૭૩મો ધ્વજા મહોત્સવ તા. ૧૮થી ૨૦ જુન ૨૦૨૧

## શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર - મંજલ રેલડીયા



શ્રી આદેશ્વર દાદાની અસીમ કૃપાથી તેમનાં જિનાલયે ધજા ચડાવવાની ઉછામણી રૂપિયા ૬૦,૦૦૦/- પૂરામાં વિનંતી આવેલ છે. આ ઉછામણી ૩૧/૦૩/૨૦૨૧ સુધી ખુલ્લી રાખવામાં આવશે. હજી કોઈ ભાગ્યશાળીને પ્રાચીન દેરાસરની અંતિમ ધજાનો લ્હાવો લેવો હોય તો નીચે આપેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી.

**સાધર્મિક ભક્તિ (પ્રત્યેક દિવસની) : લાભ લેવા વિનંતી**
નવકારશી - રૂા. ૫,૫૦૦/- બપોરેનું જમણ - ૪૫,૦૦૦/-
ચાય-કોફી-શરબત - રૂા. ૩,૫૦૦/- ચોવિહાર - રૂા. ૨૫,૦૦૦/-
આખા દિવસનો નકરો રૂા. ૭૫,૦૦૦/- પૂરા

**પ્રથમ આરતી / મંગળદિવો / ચંદ્ર-સૂર્ય દર્શન, શાંતિકળશ ઈત્યાદીની ઉછામણી સ્થાનિકે કરવામાં આવશે.**

### ઉછામણી / નકરો લખાવવા સંપર્ક

| | |
|---|---|
| લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસર<br>૯૮૨૦૩ ૫૨૩૯૧ | હુકમચંદ જવેરચંદ ધરમશી<br>૯૭૦૨૦ ૩૬૩૩૦ |
| રાજેશ કલ્યાણજી વોરા<br>૯૮૨૦૫ ૫૨૩૧૦ | સોમચંદ વિશનજી ધરમશી<br>૯૭૨૬૭ ૭૬૬૨૭ |

*માદરે વતનને જાણવાની, મંજલના વિકાસને જોવાની તથા કુટુંબ મેળાને માણવાની આવી અનુપમ તક ફરી જલદી નહીં મળે. આપના આગમનની જાણ વહેલી તકે કરશોજી જેથી આપની સગવડાતા કરવામાં સુગમતા રહે.*

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**માતુશ્રી જયવંતીબાઈ લાલજી દંડ**
**કચ્છ - પરજાઉ (ઐરોલી), દેહવિલય : તા. ૧૪.૨.૨૧**

ખુશ્બુ બની મહેકી ગયા તમે,
દિવો બની પ્રકાશી ગયા તમે,
સહનશીલતાથી શાંતિ રાખી જીવનમાં સુખદુઃખ હસતા હસતા ઝીલી ગયા તમે,
ધર્મનું મર્મ સમજી જીવનમાં આવેલા કર્મોને સમભાવે સહી ગયા તમે...
આપનો દિવ્ય આત્મા શિઘ્રાતીશિઘ્ર મોક્ષ ગતીને પામે તેવી અંતરભીની પ્રભુ ચરણે પ્રાર્થના...

**લી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

**સમય પ્રવાહ**

## આત્મનિર્ભરતા : ભાગ – ૨

# સામાજિક અને રાષ્ટ્રીય



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

સામાજિક આત્મનિર્ભરતાઃ સમાજ એ એવા મનુષ્યોનો સમુહ કે સમુદાય છે, જેઓ કોઈ એક વિચારધારા, ધર્મ કે રીતરિવાજોને અનુસરતા હોય છે. કેટલીક વાર આવા સમાજો પ્રાદેશિકતાના આધાર પર પણ બને છે; જેમકે ગુજરાતી સમાજ, કચ્છી દશા કે વીશા ઓસવાળ સમાજ. આ સમાજો પોતાના સમુદાયના સદસ્યોને રહેઠાણ, શિક્ષણ, તબીબી સારવાર જેવી શક્ય એટલી મૂળભૂત સુવિધાઓ ઉભી કરીને પુરી પાડે છે. કેટલાક સમાજો ખાસ કરીને લઘુમતી સમાજો પોતાના સમાજના વ્યક્તિને નોકરીમાં કે વ્યવસાયમાં પ્રાથમિકતા આપે છે. જયારે ભારતમાં રાજાશાહી હતી, ત્યારે મોટા ભાગના મનુષ્યોને સામાજિક સુરક્ષા કે ટેકો આ સમાજો જ આપતા હતા., અને તે રીતે એક સ્વતંત્ર કે આત્મનિર્ભર સમાજ માટે પોતાના સ્તરે પ્રયત્નો અને વ્યવસ્થા કરતા હતા. ખાસ કરીને ભારતમાં તો આ સામાજિક વ્યવસ્થા ખુબ જ સુંદર રીતે કાર્ય કરી રહી છે.

વર્ષો પહેલાં પંજાબના નાના નાના ગામડાઓમાં સામુહિક રસોડા ચાલતાં જેને 'સાંઝા ચુલ્હા' કહેતા અને તે રીતે સૌ હળીમળીને અને ખાસ કરીને ભોજન બાબત આત્મ નિર્ભર રહેતા. હાલમાં ચાલતા ખેડૂત આંદોલનમાં આજ પદ્ધતિથી જેને 'લંગર' કે સમૂહ ભોજન કહેવાય તેવી વ્યવસ્થા સફળ રીતે ચાલી રહી છે. કોરોનાના કારણે ઉદભવેલી લોકડાઉનની સ્થિતિમાં ઘણી સંસ્થાઓએ પણ આવી વ્યવસ્થા કરેલ, આને માટે જરૂર કહી શકાય કે 'અતુલ્ય ભારત'

હાલના કોરોના મહામારીના લીધે ઉદ્દભવેલ પરિસ્થિતિના કારણે અનેક લોકો પાસે નોકરી ધંધા નથી; કે અન્ય આવક અને આજીવિકાના સાધન કે સ્ત્રોત નથી, ત્યાં સમાજો ખુબ જ ઉમદા કાર્ય કરી રહ્યા છે. અને સરકારી મદદના પ્રમાણમાં આવા સમાજો દ્વારા થતી મદદમાં અમલદારશાહી કે તુમારશાહી પ્રમાણમાં ઘણા જ ઓછા હોય છે, ખાસ કરીને મધ્યમ વર્ગ જે સરકારે નક્કી કરેલ આવકની સીમા કે મર્યાદાના કારણે સરકારી યોજના કે મદદનો લાભ નથી લઈ શકતો તેના માટે તો સમાજ એ એક વરદાન છે.

અન્ય સમાજોની તુલનામાં જૈન સમાજ કદાચ સૌથી વધારે સ્વાવલંબિ કે આત્મનિર્ભર છે તેવું મારું માનવું છે. ઈતિહાસમાં એવા ઘણા નેત્રદીપક ઉદાહરણો છે જેમાં રાજાશાહીના જમાનામાં આ સમાજના દાનેશ્વરી શ્રેષ્ઠિઓએ જ્ઞાતિ કે નાતજાતના ભેદભાવ વગર દુકાળ જેવી કુદરતી આફતોમાં રાજ્ય તરફથી કોઈ પણ મદદની અપેક્ષા વગર પોતાના ખજાના ખુલ્લા મૂકીને મનુષ્યો તેમજ પ્રાણીઓની રક્ષા કરેલ છે. જૈન શ્રેષ્ઠી ભામાશાહે જયારે રાણા પ્રતાપ અકબર સાથે યુદ્ધ કરી રહ્યા હતા ત્યારે તેમને પોતાની સંપૂર્ણ સંપત્તિ અર્પણ કરીને દેશપ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપેલ છે. એટલેજ ભામાશા અને જગડુશા એ નામ નહીં રહેતાં વિશેષણ બની ગયા છે. ગુજરાતના કોઈ મોગલ બાદશાહને તેના રાજ્યની કપરી પરિસ્થિતિમાં એક જૈન શ્રેષ્ઠીએ મદદ કરતાં તે બાદશાહે જૈનોને શાહ એટલે કે રાજા એ વિશેષણથી બિરદાવેલ છે અને સમગ્ર જૈનોને તે માનદ પદવી (title) વાપરવાની પરવાનગી પણ આપેલ. એકાદ દાયકા પહેલાં ભારતની કેન્દ્ર સરકારે જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કરી; અને કેટલાક આર્થિક લાભો પણ લઘુમતી તરીકે આપવાની જાહેરાત કરી ત્યાર પછી તો આ લાભ લેવા અને લઘુમતી દાખલો લેવા માટે એકાદ બે વર્ષ તો ખુબ જ પ્રવૃતિઓ થઇ અને સેમિનારો થયા. તે પહેલાં જૈન સમાજે ક્યારે પણ આર્થિક લાભ માટે કે મદદ માટે સરકાર તરફ હાથ નહીં લંબાવેલો. કોઈ વડીલે આ સમગ્ર સ્થિતિને એક કચ્છી કહેવત 'ઘડો નેરેને ગુડા દોખ્યા' દ્વારા સચોટ રીતે દર્શાવી.

રાષ્ટ્રીય આત્મનિર્ભરતાઃ આજના વૈશ્વિકરણના જમાનામાં કોઈ પણ રાષ્ટ્ર સો પ્રતિશત આત્મનિર્ભર ના રહી શકે, કેમકે દુનિયાના બહુ જ ઓછા રાષ્ટ્રો પાસે

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

આત્મનિર્ભરતા માટે જરૂરી માનવધન, ટેક્નોલોજી, અન્ન અને અન્ય પદાર્થો જેમકે પેટ્રોલિયમ પદાર્થો, કુદરતી ગેસ કે ખનીજ તત્વો હોય. પણ જો તે રાષ્ટ્ર પોતાની જરૂરિયાત પૂરતા અન્ન અને અન્ય ખાદ્ય સામગ્રી તેમજ સુરક્ષા માટેના સાધનો વિકસાવી શકે તો તે મહદ્દ અંશે આત્મનિર્ભર માની શકાય.

રાજકારણ એ એક એવી રમત છે; જેમાં કોઈ મિત્રરાષ્ટ્ર ક્યારે શત્રુરાષ્ટ્ર બની જાય તે કહેવાય નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં 'હાવડુમોદી' જેવા કાર્યક્રમો ભારતના પ્રધાનમંત્રી સાથે કરે; કે મોટેરા સ્ટેડિયમમાં લાખો લોકોની મેદનીમાં હાજરી આપે એજ ડોનાલ્ડ ટ્રમ્પ જ જો ભારત તેને હાઈડ્રોક્સિ ક્લોરો કવીનાઈન કે એચ. સી . ક્યુ. ની દવાનો પૂરતો જથ્થો તાત્કાલિક ના મોકલે તો જોઈ લેવાની ધમકી પણ આપી શકે છે. આપણો પાડોશી દેશ નેપાળ જેને ભારતે ખુબ જ સહાય કરેલ છે, તે પણ ક્યારે રંગ બદલીને ભારતના વર્ષો જુના શત્રુ ચીનની છાવણીમાં ભળી જાય તે કહેવું મુશ્કેલ છે. તો ચીનના રાષ્ટ્રપતિ અમદાવાદના રિવર ફ્રન્ટ પર ભારતના પ્રધાનમંત્રી સાથે મિત્રતાનો દાવો અને ભોજન કરે, તેજ થોડા સમય પછી ભારતની સીમા પર હુમલો કરે. એટલે કોઈ પણ રાષ્ટ્ર માટે સંરક્ષણના ક્ષેત્રે આત્મનિર્ભરતા તેની સૌથી મોટી તાકાત છે. જયારે કોઈ રાષ્ટ્ર તેની કોઈ પણ જરૂરિયાત માટે અન્ય દેશ પર કાયમ માટે નિર્ભર રહે તો તે અન્ય દેશ આવા રાષ્ટ્રની મઝબુરીનો આર્થિક ઉપરાંત લશ્કરી ફાયદો પણ ઉઠાવે છે, જે નેપાળ અને પાકિસ્તાનના કિસ્સામાં જગજાહેર થઇ ગયું છે. અને આવા રાષ્ટ્રોને પોતાની સ્વાયત્તા સાથે બહુજ સમજૂતી કરવી પડે છે જે ભવિષ્યમાં તેના સ્વતંત્ર અસ્તિત્વ માટે પણ ખતરો બની શકે છે.

આજે જયારે કેટલાક પ્રચંડ લશ્કરી અને સૈન્ય બળ ધરાવતા રાષ્ટ્રો પોતાના રાષ્ટ્રની ભૌગોલીક સીમા કે ક્ષેત્રનો વિસ્તાર કરવા માટે તૈયાર હોય, ત્યારે શાંતિ અને ભાઈચારાની નીતિ અને વિદેશ નીતિ ધરાવતા રાષ્ટ્રોને પણ મને કમને આ શસ્ત્રોની દોડમાં સામેલ થઈને અન્ય જરૂરી અને જન કલ્યાણ કે લોક કલ્યાણના કાર્યો પર કાપ મૂકીને પણ દેશની સુરક્ષા અને સ્વાયત્તતા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. આ ત્યારે જ શક્ય બને જયારે રાષ્ટ્ર આત્મનિર્ભર હોય, નહીં તો તેને અન્ય દેશની મદદના ભારના કારણે પોતાની સ્વાયત્તતા, સ્વાભિમાન અને સ્વતંત્રતા સાથે બહુ જ સમાધાન કરવું પડે છે, અને મોટા ભાગે તે આશ્રિત રાજ્ય કે 'કોલોની' તરીકે શક્તિશાળી રાષ્ટ્રની છાવણીમાં સામેલ હોય છે.

રાષ્ટ્રીય આત્મનિર્ભરતા સંબંધે એક સુંદર પ્રસંગ વાંચેલ જેને રજુ કરું છું. બીજા વિશ્વ યુદ્ધમાં જાપાન મહદ્દ અંશે બરબાદ, ખુવાર કે તબાહ થઇ ગયું હતું, ત્યારે જાપાનના તે સમયના પ્રધાન મંત્રી હિદેકી તોજોને (Hideki Tojo) કોઈ પત્રકારે પ્રશ્ન પૂછ્યો કે હવે જાપાનને પુનઃ સામાન્ય કે પગભર થતાં કેટલો સમય લાગશે? તેમણે જે જવાબ આપ્યો તે અદભુત છે. તેમણે કહયું ''જો અન્ય મિત્ર રાષ્ટ્રો સહાય કરશે તો લગભગ દશેક વર્ષ લાગશે પણ જો પ્રજા સાથ સહકાર આપશે તો પાંચેક વર્ષ લાગશે!'' અને ત્યાર પછી જાપાને જે ગતિ અને સ્તર પર ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ કરી તે ઇતિહાસ છે. આ પ્રસંગ કે ઘટના વિનાશમાંથી વિકાસ અને પ્રજાના ઉત્કૃષ્ટ દેશ પ્રેમ અને રાષ્ટ્રીય ચારિત્ર્યનું ઉત્તમ ઉદાહરણ છે. આ યુદ્ધમાં અમેરિકાએ જાપાનને તબાહ કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવેલ, તેથી આજે પણ જાપાનીસ પ્રજા અમેરિકામાં નિર્મિત કોઈ પણ વસ્તુ બને ત્યાં સુધી નથી વાપરતી એવું વાંચેલ છે! વર્ષ ૨૦૦૧ના ધરતીકંપની તબાહી કે વિનાશ પછી કચ્છનો વિકાસ પણ લગભગ આને મળતું ઉદાહરણ છે.

હાલના સમયમાં મોટાભાગના રાષ્ટ્રો પોતાની ખનીજ તેલની જરૂરિયાત માટે અન્ય રાષ્ટ્રો ખાસ કરીને સાઉદી આરબ રાષ્ટ્રો પર નિર્ભર છે અને તેના કારણે તેમનું અર્થતંત્ર સારાં એવાં પ્રમાણમાં કાચા ખનીજ તેલની કિંમત પર આધારિત હોય છે. અને આરબ દેશોની આર્થિક સમૃદ્ધિ આ કાચા ખનીજ તેલની નિકાસ પર આધારિત છે; જે વિશ્વના લગભગ ૧૨% જેટલા ઉત્પાદન બરાબર છે, જયારે અમેરિકા લગભગ ૧૯ % જેટલા ઉત્પાદન સાથે પ્રથમ ક્રમે છે. પણ વર્ષ ૨૦૨૦માં કોરાનાનાં કારણે સમગ્ર વિશ્વમાં લોકડાઉન જેવી પરિસ્થિતિના ઉદ્દભવના લીધે કાચા ખનીજ તેલનો વપરાશ ખુબ ઘટી જતાં; કાચા ખનીજ તેલના ભાવો કેટલાક સમય માટે લગભગ શૂન્યની નજીક પહોંચી ગયા હતા, જે એક અભૂતપૂર્વ ઘટના છે. અને તેથી હવે આ રાષ્ટ્રો પણ માત્ર કાચા ખનીજ તેલની આવક સિવાય પણ અન્ય કોઈ આવકનું સ્રોત ઉભું કરવા તરફ બહુ જ ગંભીરતાથી વિચારી રહ્યા છે.

છીપનું મોતીઃ ઓછામાં ઓછી સરકારી આર્થિક સહાય એ આત્મનિર્ભર સમાજની નિશાની છે, અને ઓછામાં ઓછી આયાત એ આત્મનિર્ભર રાષ્ટ્રની નિશાની છે.

# મળવા જેવા માણસ...

## શ્રીમતી કાશ્મીરાબેન વિરેન્દ્ર લખમશી લુઠિયા – રાયધણજર (ચેમ્બુર)



લાંબા સમયથી હું આપણી જ્ઞાતિના મૃદુભાષી, સાદગીપૂર્ણ, સેવાભાવી, નિરાભીમાની, કુશળ તથા સ્પષ્ટ નિર્ણયશક્તિ ધરાવતા સન્નારી શ્રીમતી કાશ્મીરાબેન વિરેન્દ્ર લખમશી લુઠિયા – રાયધણજર (ચેમ્બુર)ની મુલાકાત લેવાનું વિચારતો હતો પરંતુ એવી તક મળતી ન હતી. ગયા અઠવાડિયે તેમની સાથે અન્ય વિષય ઉપર વાતચીત થતી હતી ત્યારે મેં પ્રકાશ સમીક્ષાના વાચકો માટે તેમની મુલાકાત લેવાની તક ઝડપી હતી.

કાશ્મીરાબેનનો જન્મ સ્વતંત્રતા સેનાની પરિવારમાં થયો. તેમના પિતાશ્રી કલ્યાણજી જેઠાભાઈ ખોના – કોઠારા (કરાડ) સ્વતંત્રતા સેનાની હતા અને તેમના માતુશ્રી શ્રીમતી લક્ષ્મીબેન પણ પતિની સાથે સ્વતંત્રતા સંગ્રામની પ્રવૃત્તિમાં સામેલ હતા. સ્વતંત્રતા સેનાનીઓની સભા મસુરમાં (કરાડ પાસે) કલ્યાણજીભાઈના ઘરે થતી ત્યારે સેંકડો કાર્યકર્તાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવતી. કલ્યાણજીભાઈએ બે વખત જેલવાસ ભોગવવો પડ્યો હતો. તેમાંથી એક વખત શ્રી ભવાનજી અરજણ ખીમજી પણ તેમની સાથે હતા. મહારાષ્ટ્રના મહાન નેતાશ્રી યશવંતરાવ ચવ્હાણ કલ્યાણજીભાઈના નીકટના મિત્ર હતા.

આવા સંનિષ્ઠ અને આગેવાન પરિવારમાં જન્મેલા કાશ્મીરાબેનને નેતૃત્વના ગુણો ગળથુથીમાં જ મળ્યા છે. તેમણે કરાડમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું અને શ્રી વિરેન્દ્રભાઈ સાથે લગ્ન થયા પછી મુંબઈ સ્થળાંતર કર્યું. લગ્નજીવનમાં સ્થાયી થયા પછી તેમણે પોતાના વિવિધ શોખ પુરા કરવા તથા સામાજીક સેવા કરવાનું શરૂ કર્યું. તેમની પાસે ૧૫૦ થી વધુ લેડીઝ બ્લાઉઝનું કલેકશન છે. જેમાં જરીકામ તથા ભરતકામ કરેલું છે તથા એમાંના કેટલાક બ્લાઉઝ ૧૨૫ વર્ષથી વધુ જુના છે. કાશ્મીરાબેન એમ્બ્રોયડરી વર્કમાં નિષ્ણાંત છે. તેમની મુલાકાતો ચિત્રલેખા, જન્મભૂમિ ગુજરાતી મિડ ડે તથા અન્ય સામાયિકોમાં પ્રકાશિત થઈ છે. આવા બ્લાઉઝના પ્રદર્શનો મુંબઈ તથા હૈદરાબાદમાં યોજાઈ ગયા છે.

પ્ર. સ. : બેન, આપ અનેક સંસ્થાઓ તથા પ્રવૃત્તિઓમાં જોડાયેલા છો. એ મારી જાણમાં છે, પણ તમને પ્રસિદ્ધિનો મોહ નથી એ પણ મને ખબર છે, છતાં પણ અમારા વાચકોના લાભાર્થે જણાવો કે આપ કઈ કઈ સંસ્થાઓ સાથે અને ક્યા પદો ઉપર સેવા આપી ચૂક્યા છો તથા વર્તમાનમાં કાર્યરત છો ?

કાશ્મીરાબેન : વર્તમાનમાં હું શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ કમિટીમાં છું તથા પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટ બોર્ડમાં કાર્યરત છું. કેડીઓ ક્લાસીકની મેનેજીંગ કમિટી, કે.ડી.ઓ. સોશ્યિલ સીક્યુરીટી સ્કીમ તથા પરબ સાથે પણ જોડાયેલી છું.

અગાઉ શ્રી મુંબઈ મહાજન કમિટીમાં બે વખત સભ્ય હતી તથા શ્રી અરિહંત બેંકમાં અઢી મુદત માટે બોર્ડ મેમ્બર હતી. તદ્ઉપરાંત શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહની કારોબારી સમિતિમાં અનેક વર્ષો સુધી કાર્યરત હતી.

પ્ર. સ. : મુંબઈ મહાજન તથા અરિહંત બેંકમાં તમારો અનુભવ કેવો રહ્યો ?

કાશ્મીરાબેન : મુંબઈ મહાજનમાં ઘણી વખત નિર્ણયો લેવાના બદલે ચર્ચાઓમાં સમય વ્યય થતો અનુભવ્યો હતો. અરિહંત બેંકમાં સ્વ. શ્રી પ્રેમચંદ મુલજી નાગડા (સોનાવાલા) – નલિયા અને શ્રી મહેન્દ્ર દેવજી ખોના – જખૌની ચેરમેનશીપ હેઠળ કામ કરવાનો સારો અનુભવ રહ્યો હતો. મને બેકિંગના કાયદાઓ અને વ્યવસ્થાપનનો સારો અનુભવ મળ્યો જે મારા સમયનો સદ્ઉપયોગ હતો.

પ્ર.સ. : પરબ, કે.ડી.ઓ. ક્લાસીક તથા સમસ્ત મહાજનની કાર્ય પદ્ધતિ વિશે શું કહેશો ?

કાશ્મીરાબેન : હું પરબની સ્થાપક સભ્યોમાંની એક છું. પરબની કામગીરી ખૂબ જ અલગ છે. પરબમાં પ્રમુખ કે પદાધિકારી કોઈપણ નથી. બધા સભ્યો સમાન છે. અમોએ ૧૮ સભ્યોથી શરૂઆત કરી હતી અને અત્યારે પણ ૧૮ સભ્યો (નવી પેઢીના સભ્યો) સાથે જ છીએ. પરબ દ્વારા જ્ઞાતિ હિતાર્થે અનેક પ્રવૃત્તિઓ થઈ રહી છે અને હું દરેક પ્રવૃત્તિમાં અન્ય સભ્યો સાથે સંલગ્ન છું. કેડીઓ કલાસીક અનેક વર્ષોથી જ્ઞાતિ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા)ના કુશળ નેતૃત્વ હેઠળ કામ કરવું એ આનંદનો વિષય છે.

સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની હું સભ્ય છું. શ્રી નિશિથ દંડ સંનિષ્ઠ, સ્પષ્ટ દર્શક તથા ઉત્સાહથી ભરપૂર સુકાની છે. તેઓ દિવ્યાંગોને નવી દ્રષ્ટિ આપી તેમને

આત્મનિર્ભર બનાવવા ઈચ્છે છે. શારિરીક ખામી ધરાવતા ૧૨૦ જેટલા દિવ્યાંગોની જાણકારી મેળવવામાં આવી છે જેમાં મહદઅંશે મુંબઈ તથા કચ્છના છે. આ આંકડામાં કેટલાક ધનિક પરિવારોના દિવ્યાંગોનો સમાવેશ નથી. ખૂબ જ દુઃખની વાત છે કે કેટલાક ધનિક પરિવારો આ સર્વેક્ષણમાં પણ મદદરૂપ નથી બન્યા.

પ્ર. સ. : અત્યારે તમે જ્ઞાતિની કઈ સેવામાં વિશેષ ધ્યાન આપો છો ?

કાશ્મીરાબેન : હાલમાં હું ૫૦ થી ૬૫ વર્ષની વિધવાઓ તથા વિધૂરોને મદદરૂપ થવા પ્રયત્નશીલ છું. પુનઃલગ્ન એ થોડુંક મુશ્કેલીભર્યું છે છતાં પણ આપણે વ્યવહારિક થવું જોઈએ. આજે સંતાનો પોતાના કામ તથા પરિવારમાં વ્યસ્ત થઈ ગયા છે ત્યારે એકલા માવિત્ર ખૂબ જ એકાકીપણું અનુભવે છે અને આ ઉંમરે માનસિક પીઠબળ તથા કંપની ખૂબ જ જરૂરી બાબત છે.

આ અંગે સંતાનોના મત, પુત્રવધુ તથા જમાઈના વિચારો, મિલકતની વહેંચણી, પ્રૌઢ ઉંમરે નવી જીંદગી શરૂ કરવાનો ભય જેવા અનેક પ્રશ્નો સતાવે છે. હું હકારાત્મક પરિણામ આવે એ માટે પ્રયત્નશીલ રહું છું.

પ્ર. સ. : તમારા મતે આપણી જ્ઞાતિ સામે અત્યારે મુખ્ય પ્રશ્નો કયા છે ?

કાશ્મીરાબેન : મહાજનો તથા સ્થાનિક મંડળો દ્વારા જ્ઞાતિ માટે ઘણું કાર્ય થઈ રહ્યું છે, પરંતુ એક મહત્વની સેવા આપણે વિસરી જઈએ છીએ. આપણી જ્ઞાતિની ૪૦ થી ૬૦ વર્ષની વય જુથની મહિલાઓને અનેક ક્ષેત્રે તાલીમ આપવાની જરૂરત છે. પતિના મૃત્યુ પછી કે બીમારીના સમયે તેઓ પરિસ્થિતિને સંભાળી શકે એ માટે તેમને બેંકિંગ, ટેક્ષેસનની અમૂક બાબતોની જાણકારી હોવી આવશ્યક છે. પતિના ધંધા વ્યવસાય તથા આર્થિક વ્યવસ્થાની જાણ હોવી જરૂરી છે. આ માહિતી તેમને ભવિષ્યમાં કોઈ કટોકટીની પરિસ્થિતિમાં ઉપયોગી થઈ શકશે.

પ્ર.સ. : અમારા વાચકો, ખાસ મહિલા વાચકો માટે આપનો સંદેશ ?

કાશ્મીરાબેન : મહિલાઓએ વધુમાં વધુ વાંચન, મનન કરવું જોઈએ અને પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરવી જોઈએ. આ બાબત ભવિષ્યમાં સ્વતંત્રતા તથા નિર્ણય શક્તિના વિકાસ માટે ઉપયોગી થશે.

પ્ર. સ. : આભાર કાશ્મીરાબેન સમય અને માહિતી બદલ

ડૉ. હિરાચંદ દંડ

## મુંકે હી ખપેતો

મુંકે હુ ખપેતો,
મુંકે હજી બ્યો પણ ઘણે ખપેતો,
મુંકે ભેરો હી પણ ખપેતો.
હે ભગવાન! હેડો કેડો ઘડો ઘડે આય,
જેંજી જમાર ભર મંગ..મંગ, જ આય..
'ખપે, ખપે, ખપે'?
કેર હી 'ખપે, ખપે' જો જાપ ને પાઠ
'બસ... બસ..' મેં ભધલધો ભા ?

**– તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ**

## રંગહીન હોળી..

નથી સળગી હોળી કોઈ સોસાયટી કે શેરી,
નથી લીધી પ્રદક્ષિણા, ધરી શ્રીફળ કોઈ નારી.
નથી ઉલ્લાસ કે નથી ક્યાંય જોરાજોરી,
નથી નજરે પડી રહ્યાં કોઈ નર કે નારી.
નથી ફુગ્ગા રંગે ભરવાની કોઈ બાળકોની તૈયારી,
નથી અધીરાઈ કોઈ ભરવા રંગ પીચકારી.
નથી મુઠ્ઠી કોઈ આજે રંગ કે ગુલાલથી ભરી,
નથી ઉભી ભાંગ કે નથી કોઈ ઠંડાઈની લારી.
નથી વાસ્યા કોઇએ કમાડ કે નથી બંધ કરી બારી,
નથી કોઈ કિલ્લોલ કે નથી કોઈ કીકિયારી.
ઘરોઘર ચાલી રહી છે આર્થિક સંકડામણ ભારી,
નિમીત બની છે પુનઃ આજે કોરોના મહામારી.
નથી વૃજમાં કોઈ ગોપી કે નથી મુકુટ મોરપીંછ ધારી
તેથીજ...
આજે લાગે રંગીન હોળી પણ રંગહીન ભારી.

**– જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

**મુલુંડ ચેકનાકા (દલતુંગી) ૯૯૨૦૫૧૩૪૯૩**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

આરોગ્ય પ્રકાશ

# ઉપવાસ અને આરોગ્ય

– ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



ઉપવાસ આધ્યાત્મિક પરિભાષામાંથી આરોગ્ય શાસ્ત્રમાં ઉતરી આવ્યો છે. એ સંસ્કૃત શબ્દ છે. ઉપ્ +વાસ એટલે વાયુ ભક્ષણ, માત્ર હવા અર્થાત્ પ્રાણવાયુ પર રહેવું આધ્યાત્મિક રીતે ઈશ્વરની પાસે રહેવું તે પણ આરોગ્ય માટે ઉપોષણ એટલે કે ૨૪ કલાક કાંઈ ન ખાવું તે. આયુર્વેદ ઉપવાસને શ્રેષ્ઠ ઈલાજ ગણે છે. 'લંઘન પરમ્ ઔષધમ્' એટલે કે ઉપવાસ એ શ્રેષ્ઠ ઔષધ છે. જૈન ધર્મમાં પણ ઉપવાસ અને તપનું ખૂબ મહત્વ છે.

ઉપવાસમાં ફક્ત ગરમ પાણી પીવાથી શરીરની ભીતર રહેલા કચરાને એ સાફ કરી નાખે છે. બધા ધર્મોમાં ઉપવાસ કરવાનું કહ્યું છે. અમુક ધર્મમાં ફળાહાર (મૂળ શબ્દ ફળ આહાર) કહ્યું છે જેનો અપભ્રંશ થઈને ફરાળ થઈ ગયું છે. ફળાહાર પરથી લોકો સાદા ખોરાક પર આવ્યા અને હવે મિઠાઈ, તળેલા પદાર્થ, ફરાળી પીઝા, ભેળ, આઈસ્ક્રીમ વગેરે પણ લોકો ખાય છે જે બરાબર નથી. ધર્મમાં પણ હમેશ સંયમ સુચવેલો છે. મહાવીર સ્વામીએ ૧૫ દિવસે ૧ ઉપવાસ, ૪ મહિને સળંગ ૨ ઉપવાસ અને વર્ષે સળંગ ૩ ઉપવાસ કરવાનો આદેશ કરેલ છે. ગાંધીજીએ 'મારા સત્યના પ્રયોગોમાં' લખ્યું છે કે એમના માતુશ્રી પુતળીબાઈ નિર્જળા ઉપવાસ કરતા. ખુદ ગાંધીજી ઉપવાસ કરતાં અને અંગ્રેજો સામે શસ્ત્ર તરીકે વાપરતા.

પૃથ્વી પર જેટલા લોકો ભુખમરાથી મરે છે તેના કરતાં વધારે લોકો અતિઆહાર અને કુઆહારથી મરે છે. કુઆહાર એટલે પૌષ્ટિક ન હોય તેવું ફાસ્ટ ફુડ, તળેલી અને ગળી મીઠી વાનગીઓ, કેમિકલ્સ, પ્રીઝરવેટીવવાળા બજારૂ પેકેટસ, સાકર, રીફાઈન્ડ તેલમાં બનાવેલ ચીજો, મેંદાની ચીજો, કોલ્ડ્રીન્કસ, માવા, ગુટકા, હોટલના ખાનપાન વગેરે. જીવન ટકાવવા આહારનો ફાળો નહિંવત છે પણ હવા સૂર્ય, જમીન, તત્વ અને આકાશતત્વ મહત્વના છે. આકાશતત્વ એટલે ખાલી જગ્યા-મોકળાશ, વિચારો વચ્ચે અવકાશ – ખાલી જગ્યાની આવશ્યકતા છે અને બે ભોજન વચ્ચે પણ અંતર – અવકાશની જરૂરિયાત છે જેથી ભોજન બરાબર પચી જાય, પાચનતંત્રને યોગ્ય આરામ મળે. દિવસમાં એક બે વખત નાસ્તો, બે વખત ભોજન ઉપરાંત વધુ વખત ચા-કોફી લેનારે પાચનતંત્રમાં અવકાશના અભાવનો ખ્યાલ કરી ખોરાક – પીણા ઘટાડવા જોઈએ. પૌરાણિક કથામાં બ્રહ્માએ આદિમાનવને એકવાર ખાવું અને ચાર વાર ન્હાવું.' એમ કહ્યું પણ માનવે 'એક્વાર ન્હાવું અને ચાર વખત ખાવું' અપનાવી લીધું છે. ધર્મ અને આરોગ્યની દૃષ્ટિએ વિચારીએ તો આ યોગ્ય નથી. અવકાશ મેળવવામાં અને કેળવવામાં ઉપવાસનો ફાયદો બીજા પ્રયોગો કરતાં વિશેષ છે. આપણે માનીએ છીએ કે 'અન્ન સા પ્રાણ છે' એટલે કે જીવવા માટે ખાવું જરૂરી છે. આપણા જ વડીલ શ્રી કલીકટના રહેવાસી શ્રી હીરા રતન માણેકે (હીરાચંદ રતનશી છેડા) સતત ૪૧૧ દિવસ સુધી અન્ન વિના સૂર્યપ્રકાશ, હવા અને ધરતી પાસેથી શક્તિ મેળવી ફક્ત પાણી પીને ઉપવાસ કરી આ માન્યતાને ખોટી સિદ્ધ કરી. શરૂમાં ૯૦ પાઉન્ડ વજન ગુમાવ્યું પણ વધુ નિરોગી,શાંત અને વધુ ખુશ અનુભવ્યા. ચિંતા, ભય, તાણથી મુક્ત બન્યા, કોઈ શારીરિક બિમારી રહી નહીં. આ બતાવે છે કે અન્ન કરતાં પણ ઓક્સિજન, સૂર્યશક્તિ ખૂબ જ મહત્વના છે. હાલમાં જ મ. સા. હંસરત્નવિજયશ્રીએ પણ ૧૮૦ દિવસના સતત ઉપવાસ કરી આ જ વાત સિદ્ધ કરી.

આયુર્વેદ માને છે કે બધી બિમારીઓ પેટથી શરૂ થાય છે પાચન બરાબર ન થાય, ભૂખ બરાબર ન લાગે, પેટ સાફ ન આવે એટલે શરીરમાં જાતજાતની બિમારીઓ થાય. આપણે ખોરાક ખાઈએ એટલે જઠર, આંતરડા, યકૃત, સ્વાદુપિંડ વગેરે એને પચાવવા મહેનત કરે છે. રાત દિવસ આ ક્રિયા ચાલે છે. પાચન ન થયું હોય તેથી ભૂખ ન લાગી હોય છતાં આપણે ખાઈએ એટલે પાચનતંત્રને વધુ તકલીફ પડે છે. ઉપવાસથી પેટને પાચનતંત્રને આરામ મળે છે. અને પાછું વ્યવસ્થિત પાચન કરવા તૈયાર થઈ જાય છે. અગાઉનું ખાધેલું પચ્યું ન હેય છતાં આપણે ખાઈએ તો અન્નનું 'આમ'માં રૂપાંતર થાય છે અને સાથે ગેસ એસીડીટી ઉલ્ટી જેવું, બેચેની થાય છે અને આ 'આમ' શરીરમાં સાંધામાં જમા થઈ આમવાત (અચ્યુમેટેઈડ આર્થાઈટીસ) અનેબીજી બિમારીઓ લાગુ પડે છે.

માનસિક તૈયારી અને સ્વસ્થતા સાથે પદ્ધતિસરના અને માફકસરના ઉપવાસથી અપોષણનો રોગ થતો નથી, હૃદયની કે મગજની લોહીની નસોમાં લોહીના ગઠ્ઠા થતા

નથી, ઉલ્ટું તકલીફ હોય તો ફાયદો થાય છે. જાડાપણું, હાય બી.પી. ડાયાબીટીઝ, સંધીવાત, આમવાત જેવી અનેક બિમારીઓથી બચી જવાય છે. નિસર્ગ ઉપચાર કુદરતી ચિકિત્સા કે પ્રાકૃતિક ચિકિત્સામાં ઉપવાસને મહત્વ આપવામાં આવ્યું છે. કબજિયાતથી માંડીને કેન્સર સુધીના અનેક રોગોમાં નિસર્ગ ઉપચારે એક દિવસથી માંડીને ૨ મહિના સુધીના ઉપવાસ સુચવ્યા છે. શરદી, ઉધરસ, ફલ્યુ, ટાયફોઈડ તેમજ સ્નાયુના, સાંધાના, પેટના, માથાના દરેક જાતના દુખાવામાં ઉપવાસથી સારો લાભ થાય છે.

રશિયાના વૈજ્ઞાનિકોએ દમ, હાય બી.પી., પેટના ચાંદા, દારૂના વ્યસનીઓ અને જાતિય નબળાઈના રોગીઓ પર ઉપવાસના સફળ પ્રયોગો કર્યા છે. ડૉ. યૂરી નિકોલિવે માનસિક બિમારીઓ દુર કરવા ૨૫ વર્ષ ઉપવાસના પ્રયોગો કરી સફળ પરિણામ મેળવ્યા છે. ગાંડપણ જેવા અસાધ્ય રોગ પર સફળતા મેળવી છે. તેઓ ઉપવાસ પછી શાકાહારની ભલામણ કરે છે. શિકાગો યુનિવર્સીટીના ફિઝીયોલોજી વિભાગના ડૉ. કાર્લસન અને ડૉ. કુંદે સંશોધન કરી જણાવ્યું કે ૪૦ વર્ષનો સામાન્ય આરોગ્યવાળો પુરૂષ બે અઠવાડીયાના ઉપવાસ પછી ૧૭ વર્ષના યુવાન જેવા તાજા કોષો અને તંતુઓ ધરાવે છે. 'જર્નલ ઑફ મેટાબોલિક રીચર્સ'માં આ પ્રયોગની નોંધમાં લખાયું છે કે ૩૦ થી ૪૦ ઉપવાસથી મેટાબોલીઝમ (ચયાપચય)ના દરમાં ૫ થી ૬% ફાયદો સ્થાયી રૂપે જોવા મળેલ છે. ઉપવાસથી મેટાબોલીક રેટ વધે છે. મેટાબોલિક રેટ ઘટે એ વૃદ્ધત્વની નિશાની છે.

૨૦૧૮માં મેકિસીનનું નોબેલ પ્રાઈઝ મેળવનાર બે ડૉકટર, જાપાનના તાસુકો હોંજો અને અમેરિકાના ઈમ્યુનોલોજીસ્ટ ડૉ. જેમ્સ એલીસન કહે છે કે ૧૦ કલાક નિર્જળા ઉપવાસ (ખોરાગ પાણી વગર) વર્ષના ૨૦ દિવસ કરવાથી શરીરના લોહીમાં રહેલા શ્વેતકણમાં રહેલ 'ટી' સેલ વધે છે અને મજબૂત થાય છે. જે કેન્સર સહિત ઘણી બિમારીઓને દૂર કરે છે. એક 'ટી' સેલ હજાર કેન્સર સેલને ખાઈ જાય છે અને આમ કેન્સર દૂર થાય છે. આ શોધ માટે જ આ બન્ને ડૉકટરને નોબેલ પ્રાઈઝ મળ્યું છે. ખાવા પીવાની અને રોજના દૈનિક કાર્યોની ખોટી આદતોને લીધે શરીરના આ 'ટી' સેલનો પાવર દબાઈ ગયો છે. કાયમના ચોવિયાર પાળનાર જૈનોના ૧૩-૧૪ કલાકના નિર્જળા ઉપવાસ તો રોજ થતા હોય છે. 'ઈન્ટરમીટન્ટ ફાસ્ટીંગ'નો જે ટ્રેન્ડ હાલ ચાલ્યો છે તે પણ જૈનોના એકાસણા, ચોવિયાર અને ઉપવાસ પર આધારિત જ છે. ૮૦% શક્તિ ખોરાકના પાચનમાં અને ૨૦ % શરીરના સમારકામમાં વપરાય છે. આપણે ઉપવાસ કે ચોવિયાર કાંઈપણ કરીએ ત્યારે પાચનતંત્રને આરામ મળે છે, શરીરનું સમારકામ થાય છે અને શક્તિ બચે છે અને તેથી જ બીજે દિવસે આપણે સ્ફુર્તિ અનુભવીએ છીએ.

આપણે એકાસણું કરીએ ત્યારે વિવેક ન જાળવીએ તો શરીરને ઉલ્ટું નુકસાન થઈ શકે. કારણ એકાસણાના આગલા દિવસે સાંજે રોજ કરતાં વધુ ખાવાની ઈચ્છા થાય છે અને જો આ વધુ ખવાય તો પાચનતંત્ર પર વધુ ભાર આવે છે. એકાસણામાં પણ ઘણા લોકો એક ટંકના જમવાના સમયે પણ સવારના ચા-કોફી નાસ્તો સામેલ કરે છે.તે ઉપરાંત ખાસ મિઠાઈ-ફરસાણનો પણ ઉપયોગ કરે છે. પેટ પચાવે તેના કરતાં વધુ ખવાય છે. પાચનતંત્રને ઉલ્ટું નુકસાન થાય છે. ચા-કોફી કે દુધ સાથે જ દહીં-છાસ ખાવાથી આરોગ્યને વિરુદ્ધ આહાર ભેગું થયાનું પણ નુકસાન થાય છે. હકિકતમાં એકાસણામાં પણ રોજ જે આહાર જમણમાં લેતા હોઈએ તેટલું જ ખાઈએ તો એકાસણાનો પૂર્ણ લાભ મળે. પંદર દિવસે કે મહિને એકાદ ઉપવાસ કરીએ, તે ન થાય તો પંદર દિવસે એક દિવસ ફક્ત ફળ, છાસ, લીંબુ, શરબત જેવો હલ્કો આહાર લઈએ. ખોરાક જેટલો વધારીએ તેટલો વધે અને ઘટાડીએ તેટલો ઘટી પણ શકે. 'ઉણોદરી' એ પણ સારું તપ છે. ઉણોદરી એટલે પા ભાગ પેટ ખાલી રાખવું. નિયમિત ઉણોદરી કરવાના ખૂબ જ ફાયદા છે.

કેન્સર અને બીજી બિમારીઓને હંફાવવાની, આડ અસર વિનાની અને આ એક પણ પૈસો ખર્ચ્યા વિનાની, આ ઉપવાસ, સંયમપૂર્વકના એકાસણાં, આયંબિલ, ચોવિયાર સારવાર પદ્ધતિ અપનાવીએ અને એના ફાયદા મેળવીએ.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – તંત્રી મંડળ

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**વિચાર ઝરણ**

## કોઈને કહેવાનો પણ એક સમય હોય છે ?

**રચયિતા : જયકાંત મોતા – તેરા (ઘાટકોપર)**
**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



આ દુનિયામાં જાત જાતના અને ભાત ભાતનાં માણસો વસે છે. અને દરેકે દરેકનો સ્વભાવ, તેમની રહેણી કરણી, તેમની સમજદારી પણ અલગ અલગ હોય છે. આપણી વાત કોઈના પણ ગળે ઉતારવી અઘરી હોય છે અને તેના માટે સમય ખૂબજ મહત્વનો હોય છે.

સમયનો સાથ જો મળે તો બેડો પાર થઈ જાય છે. પણ આ સમયને પારખવો પણ મોટી સૂઝબૂઝ માંગી લે છે. જેની સાથે આપણે રહેતા હોઈએ છીએ એ વ્યક્તિઓના મુડ વિશે તો આપણે ખાસા પરિચિત હોઈએ છીએ તેથી તેમની ખુશીનો અંદાજ આપણને આવી જાય છે અને આપણે એવા સમયે જ વાત કરવી મુનાસિબ સમજીએ છીએ કે જ્યારે તેઓ ખૂબ ખુશ મિજાજમાં હોય. આવા સમયે લગભગ ઘણી વખત વાત તેમના ગળે ઉતારવી સહેલી થઈ જાય છે.

આ સમયની દ્વિધા તો ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિ આપણા માટે અજાણ્યો હોય. તેઓનો મુડ સમજવો આપણા માટે લોખંડના ચણા ચાવવા જેવી વાત હોય છે. અહીં તો 'લાગ્યું તો તીર, નહીં તો તુક્કો' જેવોજ તાલ હોય છે. છતાં પણ ચહેરાના હાવભાવ અને તેમની ખુશીનો થોડો પણ અણસાર આવતા આપણે આપણી દાળ ગળાવવામાં તો લગભગ સફળ થઈ શકીએ છીએ. આ પણ એક કળા છે.

અહીં કોઈને શીશામાં ઉતારવાની વાત નથી પણ સારા, સત્ય અને જરૂરી સૂચનો બીજાના ગળે ઉતારવાની વાત થાય છે. જે સત્તાધારી, ધનિક અને અભિમાની માણસો પાસે મુકવા બહુજ મહેનત માગી લે છે. જેનો ફાયદો સમાજના લોકો માટે બહુજ મહત્વનો હોય છે. માટે આવી નિપુણતાવાળા માણસોની દુનિયામાં બહુજ જરૂરત છે. જે મળવા ખૂબજ મુશ્કેલ છે.

કુટુંબના લોકો સમક્ષ, સગાઓ પાસે, મિત્રવર્ગ પાસે, નોકરી કે ધંધા અર્થે, સામાજીક જીવન વગેરે જગ્યાએ સમય પ્રમાણે આપણી વાતની રજુઆત કરવાની આવડત જ આપણને સફળતા અપાવે છે. આ કળાની નિપુણતા આપણી પાસેથી શાંતિ, સમજ, ધીરજ, માન અપમાનની અવગણના જેવા ગુણોનો જથ્થો માગી લે છે. જેનામાં આવી શક્તિઓ હોય તેઓ ખરેખર વરદાનરૂપ હોય છે. 'બોલે તેના બોર વેંચાય' એ કહેવત આવા સમયે લાગુ પડે છે. સમય કોઈનો સગો નથી પણ જે વ્યક્તિ સમયને પોતાનો સગો બનાવી જાણે તે દુનિયાને પારખી જાણે.

---

**SCHOLARSHIPS FOR MINORITY COMMUNITY**

This is to inform that the Delhi based Minority Commission, has started sending Scholarship amounts to eligible Jain students since few days. So the KDO students, who recieve the scholarship amount, are requested to send the relevant details to Shri Kunalbhai Dagha, Mandavi, Kutch (9724639565) for record purposes and for future actions only. The details will not be published or given to anybody.

---

### તીર્થદર્શન

### ખૂબસૂરત ખાવડી મોટી તીર્થમાં વિરાજે ચંદ્રપ્રભુ સ્વામી

સૌજન્ય : ચેતન લ. નાગડા

રિલાયંસની વિરાટ રિફાઈનરીથી જગ પ્રસિદ્ધ બનેલું ખૂબસૂરત મોટી ખાવડીની સ્થાપના તો ગુંદિયાળીના દલજાડેજાના ભાયાતોએ કરી હતી, પણ ત્યાં ઓસવાલોનો વસવાટ લગભગ ૨૭૦ થી ૩૨૦ વર્ષ પૂર્વ દરમિયાન નોધાયું છે અને હાલારી જૈનોનું મૂળ મથક પણ ખરું.

હાલારી કચ્છી જૈનના આદિ સ્થાપક શ્રી વીરધોર ખીરાણી (લોડાયા) લધા મેઘાણી ખોનાના વસવાટ બાદ આપણી જ્ઞાતિના અન્ય ભાઈઓ પણ વસ્યા. સવાઈ શેઠશ્રી કેશવજી નાયકનું મોસાળ એટલી ખાવડી મોટી વિ. સં. ૧૯૩૨માં એમણે ઉપાશ્રય તથા પાર્શ્વનાથ ગૃહચૈત્યનું નિર્માણ કરાવ્યું જ્યારે શ્રી રતનશી લાધાણી ખોનાની પ્રેરણાથી જખૌના શેઠ વીરપાર પાસુ ખાનાના સુપુત્રી દેવકીબાઈએ શ્રી ચંદ્રપ્રભુના શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કરાવ્યું. તથા શેઠ ડુંગરશી ભીમજીએ મહાજનવાડી બંધાવી. વર્ષ ૨૦૦૨ના પ્રારંભે શતાબ્દી મહોત્સવની ઉજવણી સાથે ખાવડીતીર્થ માન્ય થયું.

– કેસરસિંહ ખોના

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ૯૦ દીક્ષાર્થીઓએ મોટી સિંધોડીની ધરતીને પાવન કરી

શ્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા (કોઠારા) ની રાહબરી હેઠળ ૯૦ જેટલા મુમુક્ષુઓ શ્રી નેમિનાથ દાદા ના દર્શન વંદન અર્થે સિંધોડી પધાર્યા.

સૌને વિજય તિલક કરી પ્રભાવના કરેલ. તથા શરબત અને ગરમ પાણીનો લાભ મળ્યો. વ્યવસ્થા જાળવવામાં શ્રી દામજીભાઇ મૈશેરી, શ્રી જયેશભાઈ મૈશેરી, કલ્પનાબેન મૈશેરી, નિર્મળાબેન મૈશેરી, મન્નાબેન મૈશેરી, ગઢવી ગોરબાઈ, ગોર જશુબેન તથા બળવંતભાઈએ સારી જહેમત લીધી. આ અગાઉ પણ પ. પૂ. સાધ્વીજી શ્રી પાવન ગુણા શ્રીજી મ. સા. ની છ દિવસની સ્થિરતા મળી તથા પ. પૂ. સાધ્વીજી શ્રી કનક ગુણા શ્રીજી મ. સા. આદિ ઠાણાની ચાર દિવસ સ્થીરતાનો લાભ મળેલ.

નૂતન દેરાસરના સુપરવિઝન તથા શ્રી સંઘની અન્ય વ્યવસ્થા શ્રી જયેશભાઈ મૈશેરી સંભાળી રહ્યા છે, તેમનો મોબાઈલ નંબર ૭૦૬૯૩૮૪૧૯૮ છે.

### JEEVAN SANDHYA- A SUKHALAY, GADAG



On 20th March Shri Gulabbhai Hirji Chheda and Smt. Hemaben G. Chheda, from Bangalore/Naliya visited Jeevan Sandhya with their son Nikhil. They met the inmates and had detailed discussion with them alone. Shri Gulab Chheda is from Gadag. His love for his birth place is so magnetic and fascinating that it made him to visit Gadag on his wheel chair.

They distributed sarees to the lady inmates and pant and shirt cloth pieces to gents. They gave to all kits containing seven daily use items. Doodhpaak Puri lunch was sponsored by them. The trustees welcomed them and appreciated their noble gesture.*

### બડગરા શ્રી વિમલનાથ સ્વામી જિનાલય

અત્રેના દેરાસરજીની ૨૨મી વર્ષગાંઠ તેમજ ૨૩મી ધજા નિમિત્તે ફાગણ સુદ ૩ના દેવી શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના તથા ફાગણ સુદ ૪ ના સ્નાત્ર પુજા, ૧૮ અભિષેક અને ફાગળ સુદ ૫ના સ્નાત્ર પુજા - સત્તરભેદી પુજા, ધજારોહણ વિધી થયેલ. બપોરના સ્વામી વાત્સલ્ય માતુશ્રી હિરાવંતીબાઈ પ્રેમજી લોડાયા પરિવાર. વિધી માટે મુંબઈથી શ્રી ભરતભાઈ બોરીચા પધાર્યા હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - ગાંધીધામ



ગાંધીધામ મહાજન તથા લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ ન્યુ હોરાઈઝનના સંયુક્ત ઉપક્રમે તા. ૩.૪.૨૧ના કોવિડ-૧૯ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. કેડીઓ ભવન મહાજનવાડી મધ્યે સવારે દિપ પ્રગટાવી કાર્યક્રમ પ્રારંભ થયો. મહાજન પ્રમુખ શ્રી લહેરચંદ ખોના, મંત્રી મહેશ લાલકા, મધુકાંત શાહ, યુવક મંડળનાં પ્રમુખ હિતેન છેડા, મહિલા મંડળ પ્રમુખ મીનાબેન લાલકા, મંત્રી લિપીકાબેન મૈશેરી તથા સભ્યો ઉપસ્થિત હતાં. ૧૪૦થી વધુ વ્યક્તિઓએ આ નિઃશુલ્ક રસીકરણનો લાભ મેળવ્યો. આયોજનને સફળ બનાવવા નિરંજન લોડાયા, રાજેશ મૈશેરી, અનીલ નાગડા, કાંતિલાલ મોતા, જયેશ લોડાયા, ગીતેન ધરમશી, જેશલ દંડ, વસ્તુપાલ નાગડા, નિલેશ ધરમશી, ભૂપેન્દ્ર લોડાયા, મિતેશ ધરમશી, મહેશ લોડાયા, સંદીપ સાંયા વગેરેએ જહેમત ઉઠાવેલ.

**વિશેષ નોંધ :** કચ્છ જખૌ નીમફરીયામાં બીરાજમાન મૈશેરી કુંટુંબના શ્રી આશાપુરા માતાજીની પહેડી અને શ્રી ભલારા દાદા અને શ્રીમાતાજીના ભોઈમા તથા ભલારા દાદાના ભુવાશ્રીની ગંધી બદલવાનો પ્રોગ્રામ ૨૬-૨૭ એપ્રિલ યોજેલ હતો. તે કોરોનાની ગાઈડલાઈન મુજબ હાલ રદ કરવામાં આવેલ છે.

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

### માળિયા સામખિયાળી ડબલિંગ

માળિયા મિયાણાથી સામખીયાળી સુધીની રેલ્વે લાઈન ડબલ કરવાનો પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયો છે અને સેફ્ટી કમિશ્નરનું સર્ટિફિકેટ પણ મળી ચૂક્યું છે. આથી આ વિસ્તારમાં ટ્રેનોની આવાગમન સરળ થતાં ગાડીઓની ઝડપ અને સંખ્યામાં વધારો થવાનો માર્ગ મોકળો થયો છે.

### શાંતિજિન ગ્રુપ દ્વારા કચ્છમાં અન્નસહાય

કચ્છના અબડાસા ઉપરાંત ગાંધીધામ સહિત અન્ય વિસ્તારોમાં વસતા આપણા સમાજના ૭૫ જેટલા સાધર્મિક પરિવારો માટે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના સથવારે ૨૦ જેટલી વસ્તુઓની રાશન સામગ્રી ઘરોઘર પહોંચતી કરવામાં આવી છે.

આ ઉપરાંત દરેક જિનાલયમાં જરૂરી ઉપકરણ, સાધન પણ અર્પણ કરાયા છે. એટલું જ નહીં ૧૪ જૈનેતર પરિવારોને પણ રાશન સામગ્રી તેમજ દરેક પૂજારીને એકએક પેન્ટ શર્ટ માતુશ્રી વિળલબાઈ ઠાકરશી પટેલ સાંધવ અને માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પીર સુથરી મુલુંડ તરફથી ભેટ આપવામાં આવ્યા છે.

### ચૈન્નઈ મહાજનના જયશ્રીબેન

કદઓ જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈ દેશના વિવિધ કદઓ જૈન જ્ઞાતિ મહાજનો કરતાં અલગ પડે છે. ચૈન્નઈ મહાજન અલગ એટલા માટે કે એ માજનના પ્રમુખ પદે શ્રીમતી જયશ્રીબેન પ્રફુલભાઈ મોતા હતા અને એ આપણી જ્ઞાતિ માટે ગૌરવની વાત હોવા છતાં એવું અન્ય ઉદાહરણ નથી. જયશ્રીબેન ચેન્નઈથી પાછા કોયમ્બતૂર શિફ્ટ થઈ રહ્યા હોવાથી તેમણે ચેન્નઈ મહાજનમાંથી નિવૃત્તિ લીધી છે. જ્ઞાતિની કર્મઠ સેવાભાવી કાર્યકર તિલકભાઈ લોડાયાએ એની નોંધ લેતા જણાવ્યું હતું કે ત્રણ દાયકા અગાઉ તેમણે મહિલા સશક્તિકરણના કાર્યક્રમના ભાગરૂપે ચેન્નઈમાં કદઓ જૈન મહાજન બધાજ પદો પર મહિલાઓને નિયુક્ત કરવામાં ભાગ ભજવ્યો હતો. એ ઉપરાંત તેમણે મહિલા મંચ શબ્દ મહિલા સંગઠન માટે પ્રયોજનનો હતો તથા શ્રી કુલપાકજી તીર્થ ખાતે દક્ષીણ ભારત કદઓ જૈન એકમના નેજા તળે એક મહિલા મિલનનું આયોજન કર્યું હતું.

### પીનલ રાજાણીને ગ્લોબલ એવોર્ડ

શિક્ષણ વિશેષજ્ઞ પીનલ મહેન્દ્રભાઈ રાજાણીને રાષ્ટ્રીય કક્ષાના 'હર કા હુન્નર' વુમન એચિવર્સ એવોર્ડ તથા ગ્લોબલ વુમન ઈન્સ્પાયરેશન એવોર્ડ ૨૦૨૧ એનાયત કરાયો છે.

૩૫૦૦૦ એન્ટ્રીઓમાંથી વિવિધ કેટેગરીની ચૂંટેલી ૧૦૦ મહિલા પ્રવિષ્ટિઓમાં એવોર્ડ આપવામાં આવ્યા છે. પીનલબેને નવ શૈક્ષણિક ડિગ્રીઓ અને ૧૭૦થી વધુ મેડલ અને શીલ્ડ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે.

### અંજારના ઈશાકચંદ્રના લગ્ન મુલત્વી

કોરોના કારણે અંજારના વિખ્યાત ઈશાક ચંદ્રના લગ્નનો વાર્ષિક તહેવાર મુલત્વી રાખવામાં આવ્યો છે. માત્ર માણેકથંભ રોપાશે. ઈશાકચંદ્રના લગ્ન હોળાષ્ટક દરમિયાન દર વર્ષે ઉજવાય છે.

### જીવન સંધ્યા સુખાલયની મુલાકાતે VRL ના ચેરમેન

તાજેતરમાં દેશની કદાચ વિશ્વની પણ સૌથી મોટી ટ્રાન્સપોર્ટ બસ સર્વિસ ઓપરેટર વીઆરએલ લોજિસ્ટિક્સ લિ.ના ચેરમેન શ્રી વિજય સંકેશ્વર અને તેમના પત્ની શ્રીમતી લલીતા સંકેશ્વર ગદગ ખાતેના આપણી જીવન સંધ્યા સુખાલય સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા.

ભાજપાના બે વખત એમ.પી.રહેલા વિજય સંકેશ્વર હુબ્બાલી (હુબલી)માં રહે છે. સુખાલયના ટ્રસ્ટીઓ તેમનું સ્વાગત કર્યું હતું અને જીવન સંધ્યા - સુખાલયના અંતેવાસીઓની મુલાકાત કરાવવાની સાથે એમને અપાતી સવલતો તથા ભોજન વ્યવસ્થાની માહિતી આપી હતી.

શ્રી વિજય સંકેશ્વર સંસ્થામાં બહુ જ અલ્પ દરોએ અપાતી સેવાઓ વિશે જાણી આશ્ચર્ય પામ્યા હતા, એમ જણાવતા શ્રી તિલકભાઈ લોડાયાએ જણાવ્યું હતું કે તેઓ ટોપ મોસ્ટ કન્નડ દૈનિક વિજયવાણી ચલાવે છે એ ઉપરાંત ટીવી ચેનલ દિગ્વિજયના સ્વામી છે. તેઓ બે વિમાન પણ ધરાવે છે. શ્રી વિજય સંકેશ્વર ઉપરાંત રાજસ્થાન સમાજ ગદગના અગ્રણી સમાજ સેવક શ્રી દીપચંદ બાગમારેએ પણ જીવન સંધ્યા સુખાલયની મુલાકાત લીધી હતી.

### લુપ્ત થવાના આરે ખારાઈ ઊંટ

અત્યંત દુર્લભ અને માત્ર કચ્છમાં જોવા મળતા ખારાઈ ઊંટ હવે લુપ્ત થવાના આરે આવી ગયા છે. અગાઉ થોડા વરસ પૂર્વે આ ઊંટની સંખ્યા ૧૨૦૦૦થી વધુ હતી જે કાળક્રમે ઘટતા રહી ૨૫૦૦ પર આવી ગયા છે.

રણના રેતાળ વિસ્તાર ઉપરાંત ખાડીના ખારા પાણી અને કળણમાં પણ ચાલી શકતા આ ઊંટની પ્રજાતિ વિલુપ્ત થઈ રહી છે ત્યારે કચ્છની પ્રખ્યાત સરહદ ડેરી ઉંટડીના દૂધની રાજકોટ ખાતે પ્રોસેસિંગ કરી પ્રોડક્ટ બનાવે છે.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **દિલીપ ઝવેરચંદ જીવાણી (મુનવર)** | ૩૦૬, ત્રિશૂલ હાઈટ્સ, ત્રીજે માળે, |
| (PS 3580) ગામ : જખૌ | રામ મંદિર રીક્ષા સ્ટેન્ડની પાસે, શાસ્ત્રીનગર (વિજયનગર), |
| | ડોંબીવલી (વેસ્ટ) – 421202 |
| | મો.: 09821227225 |
| **શ્રીમતી મધૂરીબાઈ ઝવેરચંદ જીવાણી (મુનવર)** | ૫૦૭, પાંચમે માળે, ત્રિશૂલ હાઈટ્સ, |
| (PS 3631) ગામ : જખૌ | રામ મંદિર રીક્ષા સ્ટેન્ડની પાસે, શાસ્ત્રીનગર (વિજયનગર), |
| | ડોંબીવલી (વેસ્ટ) – 421202 |
| | મો.: 09820545644 |
| **શ્રીમતી રૂપલતા નરેન્દ્ર ધૂલ્લા** | ૩૦૧, એસ્પાયર રેસીડન્સી, રાજા ઈન્ડ. એસ્ટેટની પછી, |
| (PS 7398) ગામ : સુથરી | રાઘવેન્દ્ર સ્વામી રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. |
| | મો.: 09819332671 |
| **જયેશ જેઠાલાલ ધૂલ્લા** | ૯, શારદા નીકેતન કો. હા. સો., સાવરકર રોડ, |
| (PS 3354) ગામ : ભરૂડિયા | ડી.એન.એસ. બેન્ક સ્ટ્રીટની સામે, ડોંબીવલી (ઈસ્ટ) 421 201 |
| | મો.: 08087142515 |
| **શ્રીમતી મીના ધીરેન્દ્ર ખોના** | બી–૨૦૧, ગીરીરાજ અપાર્ટમેન્ટ, પોલીસ ચોકી પાસે, |
| (PS 1522) ગામ : મોટી ખાવડી | એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. |
| | મો.: 09664244248 (મીનાબેન) |
| | 8879411012 (હિમાંશુ) |
| **કમલેશ આણંદજી દંડ** | ૩૦૪, મધૂરમ ફ્લેટસ, દીપ સોસાયટીની પાછળ, |
| (PS 6685) ગામ : સાંધાણ | અમિત નગર સર્કલ, કરેલી બાગ, વડોદરા – GJ 390 018 |
| (ભૂલ સુધાર) | મો.: 07359997933 |
| રાજુ પ્રવિણ દંડ | ૩૪૦૧, ચોત્રીસમે માળે, ટાવર – ૭, રેડવૂડ બિલ્ડીંગ, |
| (PS 7368) ગામ : ભરૂડિયા | રૂણવાલ ગ્રીન્સ, મુલુંડ – ગોરેગામ લીન્ક રોડ, |
| | ભાડૂંપ (વેસ્ટ), મુંબઈ – 400 078 |
| | મો.: 09820861013 (રાજુ) |
| | મો.: 09920912575 (અલ્કા) |
| **હર્ષ ચંદ્રકાંત લોડાયા** | એલ–૫૦૩, દર્શનમ સેન્ટ્રલ પાર્ક, સૂર્ય પેલેસ હોટલની બાજુમાં, |
| (PS 5414) ગામ : સાંયરા | સયાજી ગંજ, વડોદરા, GJ 390020 |
| | મો.: 09885101569 / 09978084455 |
| **ચિંતન પ્રફૂલચંદ્ર નાગડા** | A5-304, શંખેશ્વર નગર કો. હા. સો., |
| (PS 2859) ગામ : નલિયા | ડી– માર્ટની પાસે, માનપાડા રોડ, ડોંબીવલી (ઈસ્ટ) – 421 201 |
| | મો.: 09870000972 |

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**મણીબાઈ ચંદ્રકાંત શાહ (મૈશેરી)**
(PS 1578) ગામ : માંડવી
ફ્લેટ નં. ૧૦૦૨, દશમે માળે, પીનેકલ બીલ્ડીંગ,
રાહુલ ટાવરની સામે, ડૉ. આર. પી. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080
મો.: 09833160561

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૨-૨૧ | ચેમ્બૂર | ખનક, દીપીકા ચિરાગ ચંદ્રકાન્ત મોમાયા | વરાડીયા (સાંયરા) | પૂત્રી |
| ૨૬-૨-૨૧ | વિદ્યાવિહાર | અનાયરા, મેઘા ઋષિત લોડાયા | સુથરી | પૂત્રી |
| ૭-૩-૨૧ | ડોંબીવલી | ધ્યાન, જિનલ ગૌરાંગ ખોના | રંગપૂર | પૂત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૩-૨૦૨૧ | ડોંબીવલી | આકાશ પંકજ પદમશી લોડાયા | સાંયરા | ૨૮ |
| | જલગામ | ખુશી ગેમેન્દ્ર જયચંદ મૈશેરી | લાલા | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૨-૨૧ | ડોંબીવલી | દિપક અજય હિરાચંદ શિયાલ | જખૌ | ૨૮ |
| | ડોંબીવલી | સ્વાથી નારાયણ કૃષ્ણમૂર્તિ ઐય્યર | કુન્બકોન્મ | |
| ૨૯-૩-૨૦૨૧ | ઈંદોર | પ્રતિક પ્રતાપ કિશોરકાંત મોતા | સુથરી | ૩૩ |
| | અંધેરી | મેઘના કિરીટ ચીમનલાલ શાહ | ધાંગધ્રા | ૩૬ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૫-૩-૨૧ | ડોંબીવલી | મયંક કીર્તિ ગોવિંદજી દંડ | નલિયા | ૨૮ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૬ |
| ૨૨-૨-૨૧ | ઘાટકોપર | શલ્ય હિતેશ ધનજી મૈશરી | માંડવી | ૨૯ |
| | થાણા | સોનલ પંકજ પૂનમચંદ મોમાયા | વરાડીયા | ૨૪ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૨-૨૦૨૧ | વિરાર | સાગર ઉમેશચંદ્ર દુલ્લભદાસ દોશી | તળાજા | ૩૭ |
| | ડોંબીવલી | ભાવિતા નિરંજન ભાણજી લોડાયા | દલતુંગી | ૩૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૩-૨૧ | મલકાપૂર | જવેરચંદ વાલજી લોડાયા | સુથરી | ૭૪ |
| ૧૮-૩-૨૧ | પાલીતાણા | તરલાબેન દિલીપ ધરમશી | ભરૂડીયા | ૬૦ |
| ૧૮-૩-૨૧ | મુલુંડ | અલ્પેશ પાસુભાઈ લાલકા | મોટી ખાવડી | ૪૮ |
| ૧૯-૩-૨૧ | અમદાવાદ | શાંતીલાલ દેવરાજ દંડ | સાંધવ | ૫૯ |
| ૨૦-૩-૨૧ | વડોદરા | કિરણ જવેરચંદ લોડાયા | સાંધવ | ૫૩ |
| ૨૦-૩-૨૧ | હુબલી | મણીબાઈ જેઠાભાઈ લાલકા | વારાપધર | ૯૧ |
| ૨૦-૩-૨૧ | પાંચોરા | મધૂરીબેન મહેન્દ્ર મોતા | નલિયા | ૬૨ |
| ૨૨-૩-૨૧ | હુબલી | કુંજલ પ્રદિપ શિયાલ | જખૌ | ૩૬ |
| ૨૨-૩-૨૧ | પાંચોરા | ઈશ્વરલાલ કાનજી ખોના | જખૌ | ૭૭ |
| ૨૩-૩-૨૧ | જામનગર | ચંદુલાલ દેવજી લોડાયા | ખાવડી મોટી | ૮૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૩-૨૧ | હૈદરાબાદ | લીલાવંતી ડુંગરશી લાલકા | વાંકૂ | ૬૪ |
| ૨૩-૩-૨૧ | ઠાકુર્લી | કિર્તીકુમાર વેરશી દંડ | ભરૂડીયા | ૬૦ |
| ૨૩-૩-૨૧ | મલાડ | મુકેશ આણંદજી નાગડા | જખૌ | ૬૮ |
| ૨૫-૩-૨૧ | ચેમ્બુર | કસ્તુરીબેન પદમશી દંડ | પરજાઉ | ૬૮ |
| ૨૫-૩-૨૧ | ઘાટકોપર | જયશ્રી કમલેશ ભેદા | વારાપધર | ૬૦ |
| ૨૬-૩-૨૧ | | શીલાબેન કુંતીલાલ નાહર, હિરબાઈ દેવશી મોતા (નલિયા/પાંચારો)ના પુત્રી | | ૫૯ |
| ૨૭-૩-૨૧ | વડાલા | લક્ષ્મીચંદ ધારશી મોતા | લાખણીયા | ૯૩ |
| ૨૮-૩-૨૧ | કાંજુરમાર્ગ | કાંતિલાલ જવેરચંદ ધૂલ્લા (દૌલત) | સુથરી | ૮૦ |
| ૨૮-૩-૨૧ | તીરૂપર | ગોવિંદજી રાઘવજી મોમાયા | વરાડીયા | ૮૫ |
| ૨૮-૩-૨૧ | વડોદરા | કિર્તી શશીકાંત લોડાયા | વારાપધર | ૬૩ |
| ૨૮-૩-૨૧ | ઘાટકોપર | હરીશભાઈ ચંદુલાલ મોમાયા | વરાડીયા | ૬૭ |
| ૨૮-૩-૨૧ | મુલુંડ | વનીતાબેન ખેતશી ધરમશી | સુથરી | ૮૨ |
| ૨૯-૩-૨૧ | ગોવા | ચંદનબેન સોમચંદ નાગડા | જખૌ | ૭૬ |
| ૩૦-૩-૨૧ | બુરહાનપૂર | દિનેશ રતીલાલ મૈશેરી | જખૌ | ૭૬ |
| ૩૦-૩-૨૧ | મુલુંડ | હિરાચંદ વેલજી છેડા | સુથરી | ૭૫ |
| ૩૧-૩-૨૧ | મુલુંડ | વિનોદ વિશનજી મોમાયા | વરાડીયા | ૭૧ |

## શ્રી રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન – હૈદરાબાદ



પ્રાણી મિત્ર શ્રી રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન ભાગ્યનગર હૈદરાબાદ, જીવદયા અને માનવ સેવાના કાર્ય માટે પ્રતિવર્ષ એક રાષ્ટ્રીય એવોર્ડ ''ગૌ કરૂણાનિધિ સદભાવના પુરસ્કાર'' પ્રદાન કરે છે. આ વરસે ગૌસેવા અને જીવ દયાના આ ઉત્કૃષ્ટ પૂન્યકાર્ય માટે કચ્છ-ગુજરાતની સુપ્રસિદ્ધ કલાકાર અને ગાયક કોકિલકંઠી ગીતાબેન રબારીને ફાઉન્ડેશન તરફથી પસંદ કરવામા આવેલ.

ભાગ્યનગર હૈદરાબાદમા યોજાયેલ ''એક શામ ગૌમાતા કે નામ'' પંદર હજારથી વધુ જનમેદનીવાળા ભરચક કાર્યક્રમ અંતર્ગત લોકગાયીકા ગીતાબેન રબારીને વરસ ૨૦૨૦-૨૧ માટે ''ગૌ કરૂણાનિધિ સદભાવના પુરસ્કાર'' અર્પણ કરતા, પ્રાણી મિત્ર શ્રી રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રીધેશભાઈ જાગીરદાર, લક્ષ જાગીરદાર, સ્વામી કમલેશજી, મુકેશ (ચૌહાણ) જૈન, આર કે જૈન, મેઘના જૈન, તરૂણભાઈ મહેતા.

### વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. – તંત્રી મંડળ

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

Over View

# SUN GAZING- A Different Experience.

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Any knowledge or experience is no knowledge or experience, if it is not shared. So I am sharing my experience after years of dilly- dallying.

On Transfer from Mumbai, I joined Chennai in the second quarter of 2004. My age was 55 plus years. Family joined me after few months.

Fortunately, Shri Hirachand Ratanshi Manekji Chheda, Calicut, India was my guest for few days. He is famous all over the world for his Sun Gazing HRM Method ( Hira Ratan Manek). I salute him for his spirit and achievements.

I organised few lectures of his. In the process learnt about the technique of Sun Gazing..

Simply explained, one has to start gazing ( not staring) the early morning or late evening Sun standing barefoot on the earth or sand. Start with 10 seconds and end with 45 minutes in the course of a period of 9 months. This is a one time exercise in life. Emotions get balanced in first 3 months, body becomes more healthier in the next 3 months and after 9 months food requirement by body reduces drastically. Thereafter, like plants, body will prepare food by the process of photosynthesis from sunlight automatically and this will reduce food intake from either nil or to very little. For details you can google Sun gazing HRM.

The idea caught up with me and started practicing sun gazing on Marina Beach in the early mornings. In seven and half months I had reached sun gazing for about 30 minutes. Due to October and November weather in Chennai, the sun will not be visible and it rains heavily there was a break. Doubts also were creeping in me whether the method is not working on me. The hunger aspect had not reduced a vee bit. It can not be a case that up to 9 months you eat well and on 9 months and one day, the hunger will vanish. The discontinued practice never got revived.

But in the meanwhile the reproductive system got energized and took the body to 35 years back to the age of 22/23 years. Both of us were astonished with the physical change in the body. The quantity, quality and duration of the acts surprised, of course for pleasant reasons.

I talked to Mr. HRM. He confirmed that such changes may happen depending on the body of an individual.

This period of second honeymoon lasted for 3 years with gradual decline.

Regarding other effects of Sun gazing I must say that by the grace of God, I am happily healthy with no life style diseases. Emotional balance was earlier and later is steadfast.

I thank Shri HRM for giving me one additional fabulous bonus 'H' in one lifetime.*

You may try and enjoy the bliss.

# Monks – Our Mobile Tirths



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

There's a very inspiring incident related to the life of PP Chandrashekhar Vijayji Maharajsaheb. A small village, near Limbdi town of the Jhalawar province of Gujarat, was constantly terrorised by the atrocities of the fierce 'Darbar' Natubha Vaghela. Natubha's animosity towards Balabhadra Singh Rana, the then forceful, local BJP President was also a constant cause of tension in the region. Hearing about their frequent conflicts PP Maharajsaheb once invited Natubha to attend his discourse. So deeply moved was Natubha by the sermon, that he became a regular attendee. Later on PP Maharajsaheb also invited Balabhadrasingh Rana to listen to a discourse on 'forgiveness'. This sermon led to a change of hearts and the enmity between Natubha and Balabhadrasingh ended. Such is the impact of a saintly soul who is very aptly called as 'JANGAM' or moving 'TIRTH' by the propounders of Jainism!

Chaturvidh Sangh is also considered a 'Tirth' in Jainism. The Tirthankar Lord himself gives pride of place to the Chaturvidh Sangh comprising of Sadhus, Sadhvis, Shravaks and Shravikas, who walk on the path of salvation. This reflects the great uniqueness of Jainism. In other religions of the world, followers of the religion are not given such high status. Jainism has honoured Shravaks,Shravikas besides the monks and nuns of its fourfold order , by giving them the status of 'Tirth'. This is a proof of how much can be achieved through human perseverance. While Sadhu-Sadhvis are on the path of Lord Arihant, they are also constantly trying to take us towards the same path, they are our preachers, motivators and guides. Saints are moving 'Tirths'. Saints are the focus of faith. Saints are a repository of knowledge. The saints show the path of salvation. The saints suggest a way to get rid of the crisis of mundane existence.

Saints move from one place to another. They never stay at one location for too long. Wherever they go, their presence creates the same positive vibrations and effects that a Sthavar Tirth has. The presence of a sadhu / Sadhvi creates an environment, aura and vibrations which helps to elevate oneself spiritually and experience that unconditional peace that resides within us. Many a times, we experience that when we go and spend time in the company of a sadhu/ sadhvi, we feel calm and at peace. The place feels so divine and tranquil. One naturally feels like helping others, one feels motivated to get over the bondage of the material world, it has a purifying effect on our senses, body, mind and intellect. As these are purified the true Self shines through.

One fine example of a true Saints influence is found in the life of Greek ruler Alexander who invaded India in 326 BC. He was returning home after conquering some kingdoms, then he saw a lot many Jain monks meditating in a garden near Takshashila. He sent one of his messengers to call a monk but no Muniraj came. Then, Alexander himself reached that place and was very impressed to see the rigorous penance of the Jain sadhus. One of them was Kalyan Muni, whom Alexander implored to preach in Greece. With his great insistence, Kalyan Muni accompanied him. The Greeks were greatly influenced by the Jain rules of holy conduct followed by Muni Kalyan and all the accompanying sages. The preachings of these Digambar Jain Shramans had a special effect on the Greeks. Kalyan Muni's Samadhi is built in the city of Athens in Greece.

If we find Sadhana a challenge, let us at least undertake a 'Jangam tirth yatra' by offering Vandana to all our Sadhu and SadhviBhagwants and sail through the ocean of life.

◆ ◆ ◆

# આદરાંજલિ



મહેકે છે જેમની માનવતાની
મોગરા જેવી મહેક,
સ્નેહ સંસ્કાર, ઉદારતાના
દિવ્ય ગુણોથી
ઓજસ પથરાવી ગયા,
થયા છો દેહથી વિમુખ,
હૃદયથી તો રહેશો સદા સન્મુખ,
સ્મૃતિ આપની સદાય
વસે અમ હૃદયમાં,
રહેશો સદા આપ
અમારા પથદર્શક,
ચાલીશું સદા
આપ ચિંધ્યા પંથે....

# સ્વ. શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા

લાખણીયા (વડાલા)
અરિહંતશરણ તા. ૨૭ માર્ચ ૨૦૨૧

સત્કાર્યો દ્વારા જીવનને સફળ બનાવી અન્યો માટે પ્રેરણારૂપ બની
સેવાભાવી વ્યક્તિત્વની સુવાસ છોડી જનારા
આપના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના

BHUMI RAJ

ભુમિરાજ ભુપેન્દ્ર કસ્તુરી
ચેરિટેબલ ફાઉન્ડેશન

લી. ભુપેન્દ્ર મુરજી દંડ (શાહ)
લાખણીયા (સાનપાડા)

# આદરાંજલિ... શ્રદ્ધાંજલિ... માનાંજલિ...

## ક. દ. ઓ. મોતા પરિવારના પિતા તુલ્ય

### ક. દ. જૈન જ્ઞાતિના ઉચ્ચ સન્માન, ક.દ.ઓ. રત્ન તથા જ્ઞાતિરત્નથી સન્માનિત

# શ્રેષ્ઠીવર્ય શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા

લાખણીયા - વડાલા



: અવતરણ :
૨૨ મે ૧૯૨૭





: અરિહંત શરણ :
૨૭ માર્ચ ૨૦૨૧

જીવનભર સમાજ અને પોતાની સાથે કામ કરતા માણસો માટે વિચારતા, પોતાના દ્વારે આવેલ દરેક વ્યક્તિને હંમેશા મદદ કરતા અમારા મોતા પરિવારના વડીલ અને કચ્છ તેરા સ્થિત મોતા પરિવારના કુળદેવી મા અંબાઈ મા મંદિર સંકુલના સ્વપ્નદૃષ્ટા શ્રી 'એલડી' શેઠના દેહાવસાને કદી ના પૂરી શકાય એવો શૂન્યાવકાશ સર્જાયો છે.

એમની યાદો ફોટોમાં જ સમાઈ ગઈ છે. ઘણી સંસ્થાઓએ પોતાનો રાહબર ગુમાવ્યો છે.
પ્રભુ એમના આત્માને ચિર શાંતિ અર્પીને મોક્ષગામી બનાવે અને
આપ્તજનોને દુઃખ સહન કરવાનું બળ આપો એવી પ્રાર્થના

**લી.**
**ક. દ. ઓ. મોતા પરિવાર**
**શ્રી ક. દ. ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા**

# વાત્સલ્યભરી શ્રદ્ધાંજલિ



: જન્મ :
તા. ૨૮.૧૦.૧૯૬૦

: મૃત્યુ :
તા. ૨૫.૦૩.૨૦૨૧

## અ. સૌ. જયશ્રીબેન કમલેશ ઉમરશી ભેદા

(ગામ : વારાપધર, હાલ ઘાટકોપર) ઉ.વ. ૬૦ વર્ષ

**આપનો હસતો ચહેરો, પરોપકારી નિખાલસ સ્વભાવ, અને સત્કર્મોની સુવાસ સદાય અમારી સાથે રહેશે.**
**આપની અણધારી વિદાયથી પરિવારને ખૂબ જ ખોટ પડી છે.**
**પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.**

માતુશ્રી વેજબાઈ કાનજી લધા ભેદા - વારાપધર ઘાટકોપરવાલાની પરિવારની સૌથી નાની આજ્ઞાંકિત પુત્રવધુ
માતુશ્રી માનબાઈ ઉમરશી કાનજીની વહુ
શ્રી કમલેશ ઉમરશી ભેદાની ધર્મપત્ની
સ્વ. હીરાવંતી મેઘજી કાનજી ભેદા અને સ્વ. ધનબાઈ કલ્યાણજી કાનજી ભેદાની પુત્રવધુ
અ. સૌ. હંસા ભૂપેન્દ્ર ભેદા - વારાપધર (માટુંગા)
ગ.સ્વ. પદમા અશોક ભેદા વારાપધર (મુલુંડ)
અ. સૌ. પુષ્પા કિશોર ભેદા - વારાપધર (થાણા)ની કાકાઈ દેરાણી
તેમજ અ. સૌ. સરલા જવેરીલાલ ભેદાની લાડલી દેરાણી
અ. સૌ. ચંદનબેન ગુલાબચંદ ખોના - જખૌ (મુલુંડ) તથા
સ્વ. પ્રેમીલાબેન કિશોર લોડાયા - સાંયરા (ધામણગામ)ની નાની ભાભી
અ. સૌ. નેમીના યશપાલ લોડાયા સુથરી (શ્રીરામપુર)ના માતુશ્રી
અ. સૌ. નવકા ગગન ખંડેલવાલ દિલ્હી (ભાડુંપ)ના કાકી
અ. સૌ. ભક્તિ કિરણ સાવંત (ઘાટકોપર)ના માતુશ્રી
ચિ. દુર્વા કિરણ સાવંત (ઘાટકોપર), ચિ. ભૂમિત યશપાલ લોડાયા -સુથરી (શ્રીરામપુર)
ચિ. રીવા ગગન ખંડેલવાલ - દિલ્હી (ભાંડુપ), ચિ. કાર્તિક કિરણ સાવંત - ઘાટકોપરના પ્રિય નાની મા
અ. સૌ. અલ્કા ચેતન ભેદા -વારાપધર (મુલુંડ), અ. સૌ. એકતા નયન ભેદા - વારાપધર (મુલુંડ)
અ. સૌ. ઉર્વી જયેશ મોમાયા -સાંયરા (માટુંગા)ના કાકી

**પિયર પક્ષે : સ્વ. હીરાબાઈ પુનશી લોડાયાના સુપુત્રી - જખૌ (મુલુંડ)**

**શોકાતુર : માતુશ્રી વેજબાઈ કાનજી લધા ભેદા પરિવાર**

# ભાવાંજલિ



# સ્વ.લક્ષ્મીચંદ ધારશી મોતા (બાપા)

(લાખાણીયા - વડાલા) (ઉ.વ.૯૩)

**અરિહંત શરણ - તા. ૨૭ માર્ચ ૨૦૨૧**

*લોહીની સગાઈથી વધુ આત્મિયતા જયાં સમાઈ છે,*
*વખત પડે સાથ આપવાની કરી જેણે ભલાઈ છે,*
*વર્તાશે ખોટ, જેમના હૈયે સાચી પ્રિત સમાઈ છે,*
*લક્ષ્મીચંદભાઈના સ્વભાવની એજ સાચી કમાઈ છે.*
*નત મસ્તકે વંદન કરતા અરિહંત પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે*
*સ્વજનને આપજો નિજ શરણામાં સ્થાન...*

-: શોકાતુર :-

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર - ટ્રસ્ટીગણ

## મહારાષ્ટ્ર સરકાર દ્વારા S.E.M. પદવીથી વિભુષિત
## મુઠી ઉંચેરા... આજાન બાહુ... દીર્ઘદ્રષ્ટા...



## શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશીભાઈ મોતા

(ઉ.વ. ૯૪)

લાખણીયા - વડાલા

દેહ પરિવર્તન : તા. ૨૭ માર્ચ ૨૦૨૧ને શનિવાર

મનુષ્ય દેહ નાશવંત છે, પરંતુ સત્કાર્યોની સુગંધ હમેશાં મહેંકતી હોય છે. આપના આદર્શો અને જીવનકાર્યો સૌના માટે પ્રેરણાદાયી બની રહેશે. કાર્યસિદ્ધિ માટે યશનામી બનનારા, જીવનમાં સત્કાર્યોનાં પ્રેરકબળ, સેવાના ભેખધારી, ઉદારદિલ દાતા, ઉમદા વિચારો, આપનો લાગણીસભર સ્વભાવ અને સૌથી વિશેષ આપનો કુટુંબ પ્રેમ... સદાય અમારા હૃદયમાં અંકિત રહેશે.

સદ્‌ગતશ્રીના દિવ્ય આત્મા પ્રતિ માનવંદના વ્યક્ત કરી, પ્રભુને પ્રાર્થીએ છીએ કે, આપના દિવ્ય આત્માને ત્વરીત ગતિએ મોક્ષ તરફ પ્રયાણ કરાવે.

### શોકમગ્ન

માતુશ્રી રતનબાઈ વિસનજી વિકમશી - પરજાઉ /કોઠારા
માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા - આરીખાણા
માતુશ્રી ખેતબાઈ ચાંપશી ધરમશી - કોઠારા
માતુશ્રી નવલબાઈ ખેતશી ધરમશી - તેરા
માતુશ્રી ભચીબાઈ મેઘજી લોડાયા - જસાપર
માતુશ્રી કુંવરબાઈ રતનશી મૈશરી - મોટી સિંધોડી
સમસ્ત પરિવાર



## હાર્દિક અભિનંદન

## ચિ.યામિની કમલેશ મોતા



શંખેશ્વર દાદાની અસીમ મહેર, માં સરસ્વતીની કૃપા અને વડીલોની શુભ પ્રેરણાથી અમારી ગુણ સંપન્ન દિકરી **ચિ. યામિની કમલેશ મોતા** એ આખા દાદાણામાં વેસનજી શામજી ઘેલાભાઈ મોતાની પીઢી સુધી અને આખા નાનાણામાં કુંવરજી ભીમસી સેવરાય લોડાયા પીઢી સુધીમાં પ્રથમ મહિલા C.A. થઈને ગૌરવમાં અભિવૃદ્ધિ કરી છે. જીવનમાં પ્રગતિના સોપાનો ચઢતી રહે એ જ આશીર્વચન.

માતા-પિતા : અ. સૌ. મનીષા કમલેશ મોતા
Mob. 95275 36406
દાદાણા : ગં. સ્વ. માતુશ્રી પુષ્પા વેસનજી મોતા
ગામ સુથરી હાલ ઔરંગાબાદ
નાનાણા : સ્વ. માતુશ્રી દમયંતી રતનશી લોડાયા
ગામ સાયરાં હાલ ઉજ્જૈન

## હાર્દિક અભિનંદન






## ગ્રિષ્મા મોમાયાને બેસ્ટ પ્રીસ્કુલ પ્રિંસીપલ એવૉર્ડ

અર્લી ચાઈલ્ડ ડેવલપમેન્ટ ફોરમ દ્વારા સ્થાપિત ‘બેસ્ટ પ્રી સ્કુલ પ્રિંસીપલ (સાઉથ) એવોર્ડ શ્રીમતી ગ્રીષ્મા ગીતા ભરત મોમાયા, બેંગ્લોરને એનાયત કરવામાં આવ્યો છે.

સુથરીના ઘાટકોપર ખાતે રહેતા ગીતા ભરત મોમાયાના પુત્રી અને રાયધણજર - બેંગ્લોરવાસી કુણાલ ભરત મોતાના પત્નીને નવી ઉપલબ્ધિ માટે અભિનંદન.



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

## કે. ડી. ઓ. રત્ન
## શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશીભાઈ મોતા

લાખણીયા – વડાલા

અરિહંત શરણ : તા. ૨૭ માર્ચ ૨૦૨૧

સત્કાર્યો દ્વારા જીવનને ઉંચાઈ આપી
જ્ઞાતિ – ગામ તથા સમાજને
સદૈવ સહયોગી થનારા
આપના ઉચ્ચ આત્માની
શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# શ્રદ્ધાંજલિ



નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

## સ્વ.લક્ષ્મીચંદ ધારશી મોતા

અરિહંત શરણ - તા. ૨૭ માર્ચ ૨૦૨૧

(લાખાણીયા - વડાલા)

-: શોકાતુર :-

## માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર

(રાપરગઢવારી-અબડાસા-કચ્છ)

# ૮ મી પૂણ્યતિથિએ અમારી સ્મરણ વંદના



: પ્રાગટ્ય :
તા. ૨૭.૧૦.૧૯૩૩

: સ્વર્ગવાસ :
તા. ૦૯.૦૪.૨૦૧૩

## પરમ વંદનીય
## સ્વ. શ્રી ખીમજી કરમશી વિરપાર શાહ (લોડાયા)

(મોટી ખાવડી - મુલુંડ)

એક વડલો તપતો હતો, પ્રખર સૂર્ય તાપમાં,
વરસાવતો છાંયડો, ફેલાવી નીજ ઘટાને,
કિલ્લોલતા પંખીઓ પરિવારના આનંદથી,
એ છાંયડો વરસાવતા તમે હતા પિતાશ્રી અમારા.
વરસતા ધોધમાર વરસાદમાં છત્ર આપનું હતું,
એ હૂંફ તમારી જ હતી, કડકડતી ડાઢમાંયે.
હતું ખીસ્સુ ભરેલું તમારું, અમારી તમામ ઈચ્છાઓ માટે.
નીજ કાજે કંઈ જ નહીં, ન થીગડાનો સંતાપ કદી,
ભરેલી હતી. અમારી તમામ ખુશીઓ તમ હૃદયમાં.
તણખલે તણખલે તમે સર્જી દીધી લીલીવાડી,
સિંચન અમ કીધાં, સ્નેહ ને સંસ્કાર, વિદ્યાથી.
હતી મિઠાઈ અમારી થાળીમાં, ને ખીચડી ખાધી તમે,
અમારી હર ક્ષણ, ને અમારા શ્વાસ તમામ,
છે આપને સમર્પણ, ચરણ સ્પર્શ પ્રણામ અમારા.

## સ્મરણ વંદના કરતાં આપનાં છોરૂ

પુત્ર-પુત્રવધુ : ગીરીશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકિમ-રીટા, મુકેશ-ગીતા
પૌત્ર - પૌત્રવધુ : પ્રિતેશ-શીખા, ઉર્વેશ-પાયલ, કુનાલ-હિનલ
પૌત્રી-જમાઈ : ભક્તિ તુષાર
પૌત્ર-પૌત્રીઓ : કિંજલ, દ્રષ્ટિ, પ્રપૌત્ર : નિશ પ્રિતેશ, પ્રપૌત્રી : ત્વિશા પ્રિતેશ

**સ્વ. માતુશ્રી લીલબાઈ કરમશી લોડાયા પરિવાર, મોટી ખાવડી**
**સ્વ. માતુશ્રી ચાપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર, નાની ખાવડી**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**